REGISTERED N. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું

# बुद्धिप्रभा.

## LIGHT OF REASON.

ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः

पुस्तक ४ थुं. जान्युआरी-फेब्रुआरी १९१३ वीर संवत २४३८ अंक १०-११ मो.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| પોતાનું સંભાળ ... ... ... | ૨૮૫ | અધ્યાત્મ જ્ઞાનની આવશ્યકતા. ... | ૩૨૨ |
| અધ્યાત્મ જ્ઞાનની આવશ્યકતા ... | ૨૯૦ | મનુષ્યની ઐક્યતા અને અભેદતા... | ૩૩૭ |
| વિલક્ષણ ધૈર્ય... ... ... ... | ૩૦૫ | શહેર છજમાનું અજાયબ જેવું મૃત શરીર. | ૩૪૨ |
| સમરાદિત્યના રાસ ઉપરથી ... ... | ૩૦૯ | સંઘનું સંમેલન. ... ... ... | ૩૪૪ |
| દયાનું દાન કે દેવકુમાર ... .. | ૩૧૧ | દાનવીર શેઠ મનસુખભાઈ ભગુભાઈનું ટુંક જીવન વૃતાંત. ... ... | ૩૪૫ |
| શાન્તસાગરજી મહારાજ સંબંધી કેટલીક હકીકત ... ... ... ... | ૩૧૩ | સમાચાર. ... ... ... ... | ૩૪૯ |
| સુવર્ણ રજ ... ... ... ... | ૩૧૭ | સ્વાત્મ પરીક્ષાની અગત્ય ... ... | ૩૫૧ |
| અનુભવ ... ... ... ... | ૩૨૧ | જૈન અનાથ આશ્રમની જરૂર ... | ૩૫૩ |

प्रसिद्धकर्त्ता—श्री अध्यात्मज्ञानप्रसारकमंडळ.

વ્યવસ્થાપક—અમદાવાદ શ્રીજૈનશ્વેતાંબર મૂર્તિપૂજકબોર્ડીંગ—

તરફથી શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

સુપ્રીન્ટેન્ડન્ટ.

વાર્ષિક લવાજમ—પોષ્ટેજ સાથે રૂ. ૧—૪—૦. સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યું.

# બોર્ડીંગ પ્રકરણ.

## આ માસમાં આવેલી મદદ.

૫૦-૦-૦ શા. લલ્લુભાઈ મનોરદાસ હ. શંકરલાલ લલ્લુભાઇ બા. દર વરસે રૂ. ૫૦) પ્રમાણે પાંચ વરસ સુધી આપવા કહેલા તે પૈકી પાંચમા વરસના. અમદાવાદ

૧૨૦-૦-૦ ઝવેરી. માણેકચંદ કપુરચંદ. બા. માસિક રૂ. ૧૦) પ્રમાણે માસ બારની મદદના. મુંબાઇ.

૪૭૬-૦-૦ શ્રી મુંબાઇમાં વસતા નીચેના સદ્‌ગૃહસ્થોના માસ બીજા ત્રીજા તથા ચોથાની મદદના.

| | |
|---|---|
| ૩૦) ઝવેરી. મણીલાલ સવચંદ. | ૩૦) ઝવેરી. લાલભાઇ મગનલાલ. |
| ૩૦) ઝવેરી. અમૃતલાલ મોહોલાલ. | ૩૦) ઝવેરી. સારાભાઇ ભોગીલાલ. |
| ૨૬) ઝવેરી. ચંદુલાલ છોટાલાલ. | ૩૦) ઝવેરી. ભોગીલાલ મોહોલ્લાલ. |
| ૩૦) ઝવેરી. લાલભાઇ માણેકલાલ. | ૩૦) ઝવેરી. મોહનલાલ હેમચંદ. |
| ૩૦) ઝવેરી. સારાભાઇ હરિભાઇ. | ૩૦) ઝવેરી. રતીલાલ લાલભાઇ. |
| ૩૦) શેઠ. મગનલાલ કંકુચંદ. | ૬૦) શા. ભોળાભાઇ ભોગીલાલ. |
| ૨૧ શા. મોહનલાલ લલ્લુભાઇ તથા બીજા દલાલોના. | ૧૪) શેરદલાલ મોહનલાલ અને અમૃતલાલ. બીજા તથા ત્રીજા માસના |
| ૩૦) ઝવેરી. ભોળાભાઇ બાપાલાલ. | ૧૫) ઝવેરી. કેશવલાલ મોહોલાલ. |
| ૩૦) ઝવેરી. લાલભાઇ કલ્યાણભાઇ. | |
| | ૪૭૬-૦-૦ |

૨૫-૦-૦ શા. હાલાભાઇ મગનચંદની વતી ભોગીલાલ હાલાભાઇ હ. પરી. હરગોવિંદ લક્ષ્મિચંદને ત્યાંથી.

૨૫-૦-૦ શા. જેશીંગભાઇ સાકરચંદ. બા. ભાઇ ભુરીના સ્મરણાર્થે અમદાવાદ.

૫-૦-૦ બાઈ. ચંપા. હ. શા. મણીલાલ કીકાભાઇ. ,,

૫૦-૦-૦ શા. કચરાભાઇ પુંજા ભાઈના સ્મરણાર્થે શા. નગીનદાસ ધરમચંદ. ,,

૧૦૦-૦-૦ મરહુમ શેઠ. ચીમનભાઇ નગીનદાસ. હ. શ્રીયુત શેઠ. અંબાલાલભાઇ સારાભાઈ. બા. દર વરસે રૂ. ૧૦૦) પ્રમાણે વીશ વરસ સુધી આપવા કહેલા તે પૈકી છઠ્ઠા ( સને ૧૯૧૨ ના ) વરસના આપ્યા. અમદાવાદ

૧૦-૦-૦ માસ્તર. મનસુખરામ અનોપચંદ હ. હીરાલાલ ચુનીલાલ. ,,

૨-૦-૦ શાહ. લલુભાઇ નાહાલચંદ સ્કુલ માસ્તર. હીમતનગર.

૨૫-૦-૦ બાઇ. ધીરી. શા. ઉમેદચંદ સવચંદની દિકરીના હ. ગંગારામ જમનાદાસ. અમદાવાદ.

૫-૦-૦ મરનાર શા કીલાચંદ મગનચંદના વીલના ટ્રસ્ટી શા. ધરમચંદ મહોકમચંદ તથા. શા. મોતીલાલ નગીનદાસ હ. અમદાવાદ વાળા પરી. ડાહ્યાભાઇ મુલચંદ પાટણ.

---

૮૯૩-૦-૦

તા. ૧૫-૨-૧૩ ના રોજ કીકાભટની પોળવાળા શા. વિરચંદ દેવચંદ તરફથી ચુરમાના લાડવા મોકલાવવામાં આવ્યા હતા.

---

# બુદ્ધિપ્રભા.

( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभय भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી જાનેવારી સન ૧૯૧૨ અંક ૧૦ મો.

## પોતાનું સંભાળ.

દોહરા.

અમુક માનવ મૂઢ છે, અમુક દક્ષ નિહાળ.
પરપંચાતો ત્યાગીને, પોતાનું સંભાળ— ૧
પરમાં દૃષ્ટિ રાખીને, કરતો પરનો ખ્યાલ.
પર પરીક્ષા ક્યાં કરે, પોતાનું સંભાળ— ૨
પર પોતાનું કલ્પીને, રચતો જગ જંજાળ.
સાથે કોઇ ન આવશે, પોતાનું સંભાળ— ૩
ચક્રવર્તી પણ ચાલીયા, દેછે મૃત્યુ ફાલ.
અનિત્ય આ સંસારમાં, પોતાનું સંભાળ— ૪
જન્મ મૃત્યુના ચક્રમાં, પડવાથી બેહાલ.
કર્મવશે સહુ જાણીને, પોતાનું સંભાળ— ૫
કર્યાં કર્મ સહુ ભોગવે; રાજાને કંગાલ.
તીર્થંકર પણ ભોગવે, પોતાનું સંભાળ— ૬
દ્વેષ ધરે શું ? શત્રુપર, ક્રોપર ધરતો વ્હાલ.
મનઃ કલ્પના ત્યાગીને, પોતાનું સંભાળ— ૭
શરમ ન રાખે કોઇની, એવો જબરો કાલ.
વૈરાગ્યે મન વાળીને, પોતાનું સંભાળ— ૮
પર નિન્દાને ક્યાંકરે, બૂરી નિન્દાચાલ.

અટપટ ખોટી ત્યાગીને, પોતાનું સંભાળ— ૯
ડહાપણમાં ડુલી જઈ, બનીશ ના વિકરાલ.
મેળા મળીયા સ્વપ્નના, પોતાનું સંભાળ— ૧૦
ધન સત્તા પદવી સહુ, જુઠા ઠાક ઠમાલ.
અભિમાનને ત્યાગી ઝટ, પોતાનું સંભાળ— ૧૧
ઇન્દ્રજાલ પેઠે સહુ, ક્ષણિક નિશ્ચય ભાળ.
અન્તરમાં સમજી અરે, પોતાનું સંભાળ.— ૧૨
પર પુદ્ગલ તે તું નહિ, પરરમણતા ટાળ.
શુદ્ધસ્વભાવે તું સદા, પોતાનું સંભાળ— ૧૩
હાથ ઘસંતાં ચાલીયા, પાસે રહી ન ઢાલ.
રાજાઓના રાજવી, પોતાનું સંભાળ. ૧૪
વીરવચન અવલંબીને, થા તું ઝટ ઉજમાળ.
બુદ્ધિસાગર ધ્યાનથી, પોતાનું સંભાળ--- ૧૫

સં. ૧૯૬૯ માગસર વદિ ૧૩

**અમદાવાદ.**

---

# अध्यात्मज्ञाननी आवश्यकता.

ઉન્મનીભાવ પ્રાપ્ત કરવા માટે ધ્યાની મહાત્માઓ પ્રયત્ન કર્યા કરે છે. વાસનાઓમાં અહંત્વ અને સુખત્વ પરિણતિટળેતોજ ઉન્મનીભાવની દિશા તરફ ગમન કરી શકાય છે. યોગીઓ ઉન્મનીભાવને પામે છે. સંસાર દશાથી વિપરીત થયા વિના ઉન્મનીભાવ આવતો નથી. સંસાર અને ઉન્મનીભાવને પરસ્પર વિરોધ છે. નદીના સામા પૂરે ચિત્રાવેલી જાય છે તેમ ઉન્મનીભાવને પામેલા યોગીઓ સંસારથી ઉલટી ગતિ કરે છે. સંસારી જીવોને તેમનું સર્વ વિપરીત લાગે છે અને તે યોગીઓને સંસારી જીવોએ કરેલી મારા તારાપણાની વ્યવહાર ભેદજાળ બધી વિપરીત લાગે છે. તેથી મિયાં અને મહાદેવની પેઠે બન્નેના એકસરખા વિચાર અને આચાર મળતા આવી શકે નહિ. સંસારનો વિવેક જુદા પ્રકારનો છે અને ઉન્મનીભાવનો વિવેક જુદા પ્રકારનો છે. ઉન્મનીભાવની ખુમારી પામેલા યોગીઓને દુનિયાના સારા નરસા શબ્દોની અસર થતી નથી; કારણ કે તેમને ઉદ્દેશીને જે જે કહેવામાં આવે છે તે-માંથી અહંત્વ તેમને ટળી ગયું હોય છે તેથી તેઓ આકાશની પેઠે પૌદ્ગલિક પદાર્થોથી અન્તર દૃષ્ટિએ નિર્લેપ રહે છે. જે જે શબ્દો દુનિયામાં બાણની પેઠે વા અમૃતની પેઠે દુનિ-યાને અસર કરે છે તે શબ્દોમાં યોગીઓને અસર કરવાની શક્તિ હોતી નથી. ઉન્મનીભા-વને પામેલા યોગીઓ દુનિયાની દૃષ્ટિએ ટીકાપાત્ર થઇ પડે તોપણ તેમાં તેમને બંધાવવાનું વસ્તુતઃ હોતું નથી. જે જે આશ્રવોના હેતુઓ છે તે ઉન્મનીભાવેલા જ્ઞાનિ યોગીઓને સંવરના હેતુ રૂપે પરિણમે છે અને જે જે સંવરના હેતુઓ છે, તે તે દુનિયા સન્મુખ મન રાખનારા

અજ્ઞાની જીવોને આશ્રવપણે પરિણમે છે. **जे आसवा ते परिसवा जे परिसवा ते आसवा** આ સૂત્રના વચનથી સમજી શકાય છે, કે ઉન્મનીભાવને પામેલા જ્ઞાનીઓ ભોગ ભોગવતાં પણ નિર્જરા કરી શકે છે; કારણ કે તેઓ અન્તરથી ભોગોની સાથે આસક્તિવાળા હોતા નથી. તેઓ ઉન્મનીભાવમાં રમ્યા કરે છે તેઓ ઔદાસીન્ય ભાવે જગતને અને ભોગોને દેખ્યા કરે છે તેથી તેઓ બાહ્યમાં પરિણમી શકે નહિ એવી સ્થિતિની દશાએ બનવા યોગ્ય છે. શંખ પંચવર્ણી માટી ખાય છે તોપણ પરિણમન શક્તિ પ્રભાવે તે પંચવર્ણી માટી ઉજ્જવલપણે પરિણમે છે. એ પ્રમાણે ઉન્મનીભાવને પામેલા જ્ઞાનીઓ માટે અવબોધવું. ઉન્મનીભાવને પામેલા જ્ઞાનીઓ ઇન્દ્રિયોદ્વારા પદાર્થો ગ્રહણ કરવા આસક્તિ ધારણ કરતા નથી. ઇન્દ્રિયોદ્વારા ઇષ્ટાનિષ્ટ વિષયોના સંબંધમાં આવતાં હર્ષ વા શોકથી રહિત થઇને તેઓ સામ્યભાવે રહે છે અને શુદ્ધ અધ્યવસાયને ધારણ કરે છે. આવી દશામાં તેઓ રહે છે ત્યારે તેમને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે--શ્રીમદ્ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રપ્રભુ આ સંબંધમાં જણાવે છે કે—योगशास्त्रे.

**गृण्हंतिग्राह्याणिस्वानि स्वानींद्रियाणिनोरुंध्यात्**
**नखलु प्रवर्तयेद्वा प्रकाशते तत्त्वमचिरेण ॥ २६ ॥**

પોતપોતાના વિષયોને ગ્રહણ કરતી એવી ઇન્દ્રિયોને ન રોકવી વા તેમને ન પ્રવર્તાવવી. ( પોતે તટસ્થ દષ્ટા તરીકે સામ્યભાવે દેખ્યા કરવું ) આવી સ્થિતિમાં રહેતાં અલ્પકાળમાં તત્ત્વપ્રકાશ અર્થાત્ આત્મતત્ત્વનો અનુભવ સાક્ષાત્કાર થાય છે. મન સંબંધી નીચે પ્રમાણે તેઓશ્રી જણાવે છે.

**चेतोऽपि यत्रयत्र प्रवर्तते नोततस्ततोवार्यं ।**
**अधिकीभवतिवारितमवारितंशान्तिमुपयाति ॥ २७ ॥**
**मदमत्तोहिनागो वार्यमाणोप्यधिकी भवातियद्वत् ।**
**अनिवारितस्तुकामां लब्ध्वाशाम्यतिमनस्तद्वत् ॥ २८ ॥**

મન પણ જ્યાં જ્યાં વિષયોમાં પ્રવર્તતું હોય તે તે ઠેકાણેથી તેને પાછું વાળવું નહિ કારણ કે તે તે વિષયોમાંથી વારવા માંડેલું ચિત્ત પોતે તેમાં અધિક પ્રવૃત્તિ કરે છે અને તેને નહિ વારવાથી પોતાની મેળે શાન્ત થઇ જાય છે. જેમ મદોન્મત્ત હાથીને વારવા જતાં તેમાં તે વિશેષ પ્રેરાય છે. અને જ્યારે તે નાગને રોકવામાં નથી આવતો ત્યારે તે પોતાની મેળે વિષયોને પામી શાન્ત બને છે તેમ મનને પણ વિષયોથી પાછું હઠાવતાં તેમાં અધિક પ્રવૃત્તિ કરે છે અને ન વારવાથી પોતાની મેળે અન્તે થાકીને શાન્ત બને છે.

આ ત્રણ શ્લોકનો ભાવાર્થ અતિ ગંભીર અને ગુહ્ય છે. સામાન્ય બાળજીવોનો અધિકાર આમાં નથી તેમજ આ ત્રણ શ્લોકનો સંબંધ ઉન્મનીભાવવાળા શ્લોકોની સાથે ઘટે છે. ઉન્મનીભાવને પ્રાપ્ત કરનાર અધિકારી જીવોની દશા શ્રીમદ્હૃદયમાં લાવીને નિકાચિતકર્મના ઉદયે તેમની અન્તરમાં થતી દશાનો અનુભવ કરીને આગમોના આધારે આ ત્રણ શ્લોકોની બીના તેમણે જણાવી છે. નિકાચિત ભોગાવલી કર્મ કોઇને છોડતાં નથી. નંદિષેણ, આષાઢા-

ચાર્ય, આર્દ્રકુમાર વગેરેને ભોગાવલી કર્મે છોડયા નથી. એક વખત અપ્રાપ્ત વિષય છતે ત્યાગી જેવું મન દેખાય છે અને વિષયો પ્રાપ્ત થતા મન ભોગી બને છે. નિકાચિતકર્મોનો ઉદય ભોગવ્યાવિના છુટકો થતો નથી, નંદિષેણે મનને ઘણું વાર્યું તોપણ અન્તે નિકાચિતકર્મ ભોગવ્યાવિના છુટકો થયો નહિં. ઉન્મનીભાવને પ્રાપ્ત થએલા જ્ઞાનિયોને નિકાચિત કર્મનો ઉદય થયો હોય તે વખતે તેમણે સમભાવે ભોગવવો જોઇએ. ઔદાસીન્યભાવવડે નિકાચિતકર્મનો ઉદય ભોગવતાં હર્ષ વા શોકથી રહિત થઇને મનને શાન્ત કરવું એવો ભાવ શ્રીમદ્ હેમચંદ્ર પ્રભુના શ્લોકનો હોય તેમ જણાય છે. પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનવડે વિષયોને ગ્રહણ કરી શકાય છે. ઇન્દ્રિયો અને મનથી જ્યારે પરેલા આત્માની ઉન્મનીભાવ દશા હોય છે તેથી તે પાંચ ઇન્દ્રિયો અને મનસંબંધી વિષયોને રૂંધતો નથી અને પ્રવર્તાવતો નથી. એવી જ્યારે તેની સ્થિતિ થાય છે તે વખતે આત્મા પોતે પોતાને ઇન્દ્રિયો અને વિષયોથી ભિન્ન દેખે છે અને તેને ઇન્દ્રિયો અને વિષયોમાં થએલી મ્હારાપણાની વૃત્તિ રહેતી નથી. તેથી આત્મા પોતાનાથી અન્ય એવી ઇન્દ્રિયો તેના વિષયોમાં કૂટસ્થ સાક્ષી તરીકેની દૃષ્ટિથી ઔદાસીન્યભાવમાં રહે એ બનવા યોગ્ય છે. ઇન્દ્રિયો અને તેના વિષયોમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિથી રહિત પરિણતિવાળા આત્માની દશા તે વખતે ઓર પ્રકારની હોય છે. તેવી દશાનો જેણે પરિપૂર્ણ અનુભવ કર્યો હોય છે તેવા યોગીઓ આ શ્લોકના હૃદય ગમ્યભાવને અવબોધી શકે છે અને જે જ્ઞાનીઓ આવી ઉન્મની દશામાં રહીને ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષયોની પ્રવૃત્તિમાં તટસ્થ દૃષ્ટિથી વર્તનારા થાય છે તેઓ ઉપર્યુક્ત શ્લોકનો ભાવ અવબોધી શકે છે. આવી ઉન્મનીની દશામાં પ્રવર્તનારા યોગીઓ ઇન્દ્રિયો તેના વિષયોને રૂંધતા નથી એવી સ્થિતિ કેવા પ્રકારની હશે તેનો આગમ જ્ઞાનીઓ સારી રીતે વિચાર કરી શકે.

આ શ્લોકનો અર્થ ઘણો ગંભીર અને અમુક અપેક્ષાએ હોવો સંભવે છે; તેથી અમો તેનો પરિપૂર્ણ નિચોળ કાઢવામાં સમર્થ નથી. આ શ્લોક બાળજીવોને ઉપયોગી નથી અને તે પ્રમાણે પ્રવર્તવું નહિ; કારણ કે તેનો ભાવ ઘણો ગંભીર છે. મનને જીતવાજ પ્રયાસ કરવો. મનને વિષયોપ્રતિજવા દેવામાં આવે તો કદિ તેનો પાર આવે નહિ. મન તો માંકડા જેવું છે. ગમે તેટલા વિષયોપ્રતિજાય તો પણ તે કદિ શાન્ત થતું નથી માટે મનને વિષયોપ્રતિ દોડતાં રૂંધી રાખવું એવો અમારો અંગત અભિપ્રાય છે. શ્રીમદ્ હેમચંદ્ર પ્રભુના શ્લોકનો અર્થ ઉન્મનીભાવ સાધક જીવોને અમુક અધિકાર પરત્વે ઉપયોગી હોય અન્ય હોય તેનો ભાવ તો શ્રીમદ્ના હૃદયમાં રહ્યો, પણ અમારે આ સ્થળે એટલું કહેવાનું છે કે બાળજીવોને તો ઉપરના શ્લોકો કાચા પારા જેવા થઇ શકે તે માટે અન્યશાસ્ત્રોમાં જણાવ્યું છે કે અપાત્ર શ્રોતાઓને અધ્યાત્મજ્ઞાન આપવું નહિ.

ઉન્મની દશાવાળા જ્ઞાનીઓની આત્મદશા ઉચ્ચ પ્રકારની હોય છે અને તેઓ માટે જે જે કંઇ લખવામાં આવ્યું હોય તે સર્વે ગુરૂગમ પૂર્વક સમજવા જેવું છે. કારણકે ગુરૂગમ વિના સમ્યગ્જ્ઞાન થઇ શકતું નથી. આત્માની ઉચ્ચદશા કરવા માટે ઔદાસીન્યભાવનું વારંવાર સેવન કરવું જોઇએ. ઔદાસીન્યભાવથી આત્મા પોતાના સ્વરૂપમાં પરિણામ પામે છે અને તેથી પોતાના આત્માનો પ્રકાશ પોતે આત્મા દેખી શકે છે. ઔદાસીન્યભાવમાં આ કાલમાં સદાકાલ રહેવું એ બનવા યોગ્ય નથી; તોપણ ઔદાસીન્યભાવનાનું અવલંબન કરવા પ્રયત્ન કરાય તો અન્તે તે તરફ ગમન કરી શકાય, આત્માના ધર્મનું સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા થવાથી પરભાવ

પરિણમન ટળે છે અને સ્વધર્મ પરિણમન થાય છે. અધ્યાત્મજ્ઞાનીઓએ મનને સ્થિરકરવા તરફ પ્રયત્ન કરવો જોઇએ. ઉપાધ્યાય કહે છે કે **जबलग आवे नाहि मन ठाम तबलग कष्ट कियासविशुनी ज्युंजांसरचित्राम**, જબલગ-મનને સ્થિર કરવાના શ્રી હેમચંદ્ર પ્રભુએ ઉપાયો દર્શાવ્યા છે અને તે નીચે પ્રમાણે---

**શ્લોક.**

**यहियथायत्रयतः स्थिरीभवतियोगिनश्चलंचेतः**
**तर्हितथातत्रततः कथंचिदपिचालयेन्नैव ॥ २९ ॥**
**अनयायुक्तयाभ्यासं विदधानस्यातिलोलमपिचेतः**
**अङ्गुल्यग्रस्थापितदण्ड इवस्थैर्यमाश्रयति ॥ ३० ॥**

જ્યારે જેમ જ્યાં જેનાથી યોગીનું ચપલ ચિત્ત સ્થિર થાય ત્યારે તેમ ત્યાં તેનાથી કોઇ પણ રીતે ચિત્તને ચલાવવું નહિ. આ યુક્તિએ અભ્યાસ કરનારનું મન અત્યંત ચંચળ ચિત્ત હોય તોપણ અંગુલીના અગ્રભાગની ઉપર સ્થાપેલ દંડનીપેઠે સ્થિરતાને પામે છે. મનની સ્થિરતા થવામાં દષ્ટિજયની પણ આવશ્યકતા છે માટે તે પણ પ્રસંગોપાત્ત દર્શાવે છે.

**निःसृत्यादौदृष्टिः संलीना यत्रकुत्रचित्स्थाने ।**
**तत्रासाद्यस्थैर्यं शनैःशनैर्विलयमाप्नोति ॥ ३१ ॥**
**सर्वत्रापिप्रसृता प्रत्यग्भूताशनैः शनैर्दृष्टि ।**
**परतत्त्वामलमुकुरे निरीक्षते ह्यात्मनात्मानम् ॥ ३२ ॥**

પ્રથમ દષ્ટિ નિસ્સરીને ગમે તે સ્થાનમાં લીન થએલી હોય છે ત્યાં સ્થિરતા પામીને ત્યાંથી હળવે હળવે વિલય પામે છે. અર્થાત્ ત્યાંથી પાછી હઠે છે ' એમ સર્વત્ર ફેલાયલી અને ત્યાંથી પશ્ચાત્ હઠેલી દષ્ટિ પરમતત્ત્વરૂપ નિર્મલ આદર્શમાં આત્માવડે આત્માને દેખે છે. પુનઃ તેઓશ્રી મનોજયની કુંચી દર્શાવતા છતા કથે છે કે,

**औदासीन्यनिमग्नः प्रयत्नपरिवर्जितःसततमात्मा**
**भावितपरमानन्दः क्वचिदपि न मनोनियोजयति ॥ ३३ ॥**
**करणानिनाधितिष्ठं त्युपेक्षितंचित्तमात्मनाजातु**
**ग्राह्येततोनिजानिजे करणान्यपिनप्रवर्तन्ते ॥ ३४ ॥**
**नात्माप्रेरयतिमनो नमनःप्रेरयतियर्हिकरणानि**
**उभयभ्रष्टंतर्हि स्वयमेवविनाशमाप्नोति ॥ ३५ ॥**

નિરંતર ઔદાસીન્યમાં નિમગ્ન થએલ અને પ્રયત્ન રહિત અને ભાવિત પરમાનન્દ આત્મા કોઇ પણ ઠેકાણે મનને જોડતો નથી. આ પ્રમાણે પ્રવર્તવાથી આત્માવડે ઉપેક્ષા કરાયલું મન કોઇ વખત ઇંદ્રિયોને આશ્રય કરતું નથી અને આવી દશામાં મનના આશ્રય વિના ઇન્દ્રિયો પણ નિજ નિજ વિષયો પ્રતિ પ્રવર્તતી નથી. જ્યારે આત્મા પોતે મનને પ્રેરતો નથી અને

મન જ્યારે ઇન્દ્રિયોને વિષય પ્રતિ પ્રેરતું નથી. ત્યારે બેથી ભ્રષ્ટ થએલ સ્વયમેવ વિનાશ પામે છે આ પ્રમાણે મનનો જય કરવાથી જે દશા થાય છે તે દર્શાવે છે.

**नष्टेमनसिसमन्तात् सकलंविलयंसर्वतोयाते**
**निष्कलमुदेतितत्त्वं निर्वातस्थायिदीपवत् ॥ ३६ ॥**

ચારે તરફથી મનના રાગ દ્વેષરૂપ વિકલ્પ સંકલ્પથી મનનષ્ટ થએ છતે વાયરા વિનાન સ્થિર રહેલા દીપકની પેટે નિષ્કલંક આત્મતત્ત્વનો પ્રકાશ થાય છે. મનની આવી દશા કરવ માટે અત્યંત પ્રયત્ન કરવાની જરૂર છે રાત્રી દિવસ મનને સ્થિર કરવા માટે લક્ષ રાખવાની જરૂર છે. **મન સાધ્યું તેણે સઘળું સાધ્યું એહ વાત નવિ ખોટી.** મનને વશ કરવું એ કંઈ બાળકનો ખેલ નથી, મનની ચપળતા માંકડાના કરતાં ઘણી વિશેષ છે. મૂળતો મનરૂપ મર્કટ અને તેને મોહરૂપ દારૂ પાવામાં આવ્યો હોય અને તેને વિષયોરૂપ છાપરા ઉપર કુદવાનું મળે અને તેમાં મિથ્યાત્વ રૂપ વૃશ્ચિક કરડયો હોય તો કુદંકુદા કરવામાં બાકી રાખે નહિ. અર્થાત્ ચોરાશીલાખ જીવ યોનિયોમાં કુદંકુદા કરવામાં બાકી રાખે નહિ **શ્લોક ॥**
**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयो येनैवालिङ्गिता कान्ता तनैवालिङ्गिता सुता॥**
શ્રીમન્મુનિસુન્દરસૂરિ મહારાજા સ્વરચિત અધ્યાત્મ કલ્પદ્રુમના ચિત્તદમનાધિકારમાં સંસાર ભ્રમણનો મૂળ હેતુ મન છે એમ જણાવવા લખે છે કે—

**सुखायदुःखायचनैवदेवा, नचापिकालःसुहृदोऽरयोवा**
**भवेत्परंमानसमेवजन्तोः संसारचक्रभ्रमणैकहेतुः ॥ १ ॥**

આત્માને સુખને અને દુઃખને માટે સાક્ષાત્ દેવતાઓ થતા નથી. કાલ પણ જીવને સુખ દુઃખ આપવા સમર્થ થતો નથી. તેમજ મિત્રો અને શત્રુઓ પણ સુખ દુઃખ આપવા સમર્થ થતા નથી. પરંતુ પ્રાણીને સંસાર ચક્રમાં પરિભ્રમવાનો એક મૂળ હેતુ મનજ છે. મનવડે પ્રાણીને સુખ દુઃખ થાય છે. મનના વશમાં પડેલો આત્માજ પોતે સ્વર્ગ અને નરક છે. રાગદ્વેષાત્મક મનના સંકલ્પો વિકલ્પોના ઉપર કર્મબન્ધનો આધાર છે. મનોનિગ્રહ થયો હોય તો સર્વ સિદ્ધ થયું એમ જણાવતા છતા શ્રી મુનિ સુંદરસૂરિ કથે છે કે

**वशंमनोयस्यसमाहितंस्यात् किंतस्यकार्यं नियमैर्यमैश्च**
**हतं मनो यस्यचदुर्विकल्पैः किंतस्यकार्यं नियमैर्यमैश्च ॥ ५ ॥**

જેનું મન સમાધિવંત હોઇને પોતાના વશમાં વર્તે છે. તેને પશ્ચાત યમનિયમથી શું ? તેમજ જેનું મન દુર્વિકલ્પોથી હણાયું છે તેને પણ "યમનિયમથી શું ?" યમનિયમ પામીને મનને વશ કરવાની જરૂર છે. મનમાં રાગદ્વેષના વિકલ્પ સંકલ્પની પરંપરાઓ વહેતી હોય તો યમ અને નિયમથી કાર્યસિદ્ધિ થતી નથી; માટે મનને વશ કર્યા વિના મુક્તિ જવાનો એક અન્ય મહાન્ ઉપાય નથી. મનને વશ કરવાથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે. સહસ્રાવધાની શ્રી મુનિ સુંદરસુરિ મનોનિગ્રહ વિના દાનાદિ ધર્મોનું વ્યર્થપણું નીચે પ્રમાણે જણાવે છે.

**दानश्रुतध्यानतपोऽर्चनादि वृथामनोनिग्रहमन्तरेण।**
**कषायचिन्ताकुलतोज्झितस्य परोहियोगोमनसोवशत्वम् ॥ ६ ॥**

દાન, શ્રુતજ્ઞાન, ધ્યાન, તપ, પૂજા વગેરે સર્વે ધર્માનુષ્ઠાનો મનોનિગ્રહ વિના વૃથા છે. કષાય, ચિન્તા, આકુલતાથી રહિત એવા મનનું વશપણું એજ પરમ યોગ છે. મનમાંથી ભય, શોક, ચિન્તા, રાગ દ્વેષ, વાસના, નિન્દાપરિણતિ, ઇર્ષ્યા, ક્રોધ, અહંકાર, કપટ, અહિંસા, ક્ષુદ્રભાવ વગેરે દોષોને કાઢી નાખીને મનને નિર્મલ બનાવવું એજ મોટો યોગ છે. મનની નિર્મલતા કરવી એજ પરમ યોગ જો સાધ્ય ન થાય તો યોગની ક્રિયાઓ વડે શું ? ધર્મનાં અનુષ્ઠાનો પણ મનની નિર્મલતાએ ફલ આપવા સમર્થ થાય છે. મનોનિગ્રહ જો ન થાય તો દાન કરવું, ભણવું, ગણવું, તપશ્ચર્યા કરવી, પૂજા કરવી વગેરે નકામાં છે. ઉત્તમ ધર્માનુષ્ઠાનો સાથે મનને વશ રાખતાં શિખવું. તેમજ મનના શુદ્ધ પ્રણિધાનથી ધર્માનુષ્ઠાનો આચરવાં. સર્વ ધર્મ ક્રિયાઓનું ફળ મનોનિગ્રહ છે. મનને વશ રાખવું એજ રાજયોગ છે અને તેજ સહજ યોગ છે. મનને વશ કરવાથી મોક્ષ મળે છે એમ શ્રીમદ્‌મુનિસુંદરસૂરિ દર્શાવે છે.

**जपो न मुक्त्यै न तपोद्विभेदं न संयमोनापि दमो न मौनम् ।**
**न साधनाद्यं पवनादिकस्य किन्त्वेकमन्तःकरणंसुदान्तम् ॥ ७ ॥**

જાપ કરવાથી મોક્ષ મળતો નથી. તેમજ બે પ્રકારનો તપ કરવાથી તથા સંયમ મૌન ધારણ અથવા પવનાદિકની સાધના પણ મોક્ષ આપવા સમર્થ થતાં નથી. કિન્તુ સારી રીતે દમેલું એવું એવું એકલું મનજ મોક્ષ આપવા શક્તિમાન્ થાય છે.

મનને શુદ્ધ કરવાથી મોક્ષ મળે છે. તપના કરનારાઓના તાબે મન જો ન થાય તો તપથી તેઓ મોક્ષ મેળવવા શક્તિમાન્ થતા નથી. જાપના જપનારા મનુષ્યોના મનમાં જો ક્રોધ, માન, માયા, લોભ, તૃષ્ણા, ઇર્ષ્યા વગેરે છે તો તે જાપથી કેવી રીતે મુક્તિ મળી શકે ! મનમાં ઉત્પન્ન થનારી અને રહેલી એવી સર્વ પ્રકારની વાસનાઓજ સંસારના બંધનભૂત છે. મનમાં રહેલી સર્વ પ્રકારની વાસનાઓ ટળી જતાં મોક્ષ મળે છે. મનને વશ કરવાથી મુક્તાવસ્થા પોતાના હાથમાં આવે છે. મનમાં ઉત્પન્ન થએલી સર્વ વાસનાઓમાંથી મારાપણાનીભાવના કાઢી નાખો અને તેઓને કહો કે તમે મારાથી ભિન્ન છો. તમારે અને મારે કંઇ સંબંધ નથી. આ પ્રમાણે તમો વાસનાઓ પ્રતિ શબ્દો ઉચ્ચારશો એટલે વાસનાઓનું બળ ઘટશે અને તેઓ મરી જશે. આપણે વાસનાઓને ઉત્પન્ન કરીએ છીએ અને તેનો નાશ પણ આપણે આત્મબળથી કરી શકીએ છીએ. મનમાં જે જે અશુભ વિચારો ઉત્પન્ન થાય છે તેઓને હઠાવવા આત્મપ્રદેશમાં મહા યુદ્ધ આરંભવું પડે છે અને તેમાં સ્વશક્ત્યનુસારે વિજય પ્રાપ્ત થતો જાય છે. મનોનિગ્રહ કરવાથી ચાર ગતિમાં અવતાર લેવાની પરંપરા ટળે છે માટે મન વશ કરવાની અત્યંત આવશ્યકતા સ્વીકારવામાં આવે છે. શ્રી મુનિ સુંદર મહારાજા મનોનિગ્રહથી મોક્ષ નીચે પ્રમાણે દર્શાવે છે.

**योगस्यहेतुर्मनसःसमाधिः परंनिदानंतपसश्चयोगः**
**तपश्चमूलंशिवशर्मवल्ल्या मनःसमाधिंभजतत्कथञ्चित् ॥ १९ ॥**

મનનીસમાધિ યોગનું કારણ છે. યોગ એ તપનું ઉત્કૃષ્ટ સાધન છે. અને તપ શિવ સુખ વેલડીનું મૂળ છે. તે માટે હે જીવ કોઇપણ રીતે મનની સમાધિ રાખ. મનની સ્થિરતા વિના સમાધિ પ્રાપ્ત થતી નથી. અધ્યાત્મજ્ઞાન વિના મનને સ્થિર કરવાની ભાવના ઉત્પન્ન થતી નથી. મનને સ્થિર કરવાના અસંખ્ય યોગો છે. જે જે નિમિત્તે મન સ્થિર થાય તેતે નિમિત્ત

અવલંબન કરી આત્માનો અનુભવ પ્રકાશ ખીલવવો જોઇએ. શ્રીમદ્ હેમચંદ્ર પ્રભુ ઔદાસીન્યભાવ વડે મનનો જય કરવાની કુંચીઓ બતાવે છે અને તેઓ મનને તાબામાં રાખવાથી અનેક લબ્ધિયો પ્રકટ થવાનું જણાવે છે. આચાર્ય શ્રીહેમચંદ્ર પ્રભુ ઉન્મનીભાવની વિશેષ મહત્તાજ પોતાના અનુભવે જણાવે છે.

कद्लीवच्चाविद्या लालेन्द्रियपत्रकामनःकंदा
अमनस्कफलेदृष्टे नश्यति सर्वप्रकारेण ॥ ४० ॥

ચપળ ઇન્દ્રિયરૂપ પત્રોવાળી અને મનરૂપ સ્કંદવાળી અવિદ્યારૂપ કેળ અમનસ્કતારૂપ ફળ દેખે છતે સર્વ પ્રકારે નાશ પામે છે. કેળને ફળો થયા બાદ તેને કાપી નાખવામાં આવે છે. કારણ કે તેમાં ફળો આવી શકતાં નથી. અવિદ્યારૂપ કેળ ખરેખર અમનસ્કતારૂપ ફળ દેખ્યા પછી નષ્ટ થાય છે. અવિદ્યાનો નાશ કરવો હોય તો અમનસ્કતાની પ્રાપ્તિ કરવી એમ શ્રીમદ્નો અનુભવ છે. અમનસ્કતાનો ઉદય થતાં કેવી દશા થાય છે તે હેમચંદ્રપ્રભુ જણાવે છે.

विश्लिष्टमिवप्लुष्टमिवो ड्डीनमिवप्रलीनमिवकायं
अमनस्कोदयसमये योगीजानात्यसत्कल्पम् ॥ ४२ ॥
समदैरिन्द्रियभुजगै रहितेविमनस्कनवसुधाकुण्डे
मग्नोऽनुभवतियोगी परामृतास्वादमसमानम् ॥ ४३ ॥
रेचकपूरककुम्भक करणाभ्यासक्रमंविनाऽपिखलु
स्वयमेवनश्यतिमरुत् विमनस्केसत्यऽयत्नेन ॥ ४४ ॥
चिरमाहितप्रयत्नैरपि धर्तुयोहिशक्यतेनैव
सत्यऽमनस्केतिष्ठति ससमीरस्तत्क्षणादेव ॥ ४५ ॥
यातेऽभ्यासेस्थिरता मुदयतिविमलेचानिष्कलेतत्त्वे
मुक्तइवभातियोगी समूलमुन्मूलितश्वासः ॥ ४६ ॥

અમનસ્કતાના ઉદય સમયે યોગી વિખરાઇ ગયું, હોય અથવા બળી ગયું હોય, ઉડી ગયું હોય કે વિલય પામેલાની પેઠે પોતાની સાથે રહેલા શરીરને જાણે છે. સારાંશકે શરીર છતાં જાણે પોતાની પાસે શરીર નથી એવી તેની દશા થઇ જાય છે. અમનસ્ક દશા પ્રકટે છતે યોગીને શરીરનું ભાન રહેતું નથી અને તેમજ તેની અવધૂત દશા થાય છે. દુનિયાની દૃષ્ટિએ તે ગાંડા જેવો માલુમ પડે છે કારણ કે સાંસારિક વિવેકની સાથે અને સાંસારિક વ્યવહારની સાથે તેના મનનો સંબંધ ટળવાથી તેને બાહ્યનો વિવેક રહેતો નથી તેથી દુનિયા એમ જાણે છે કે આ ભાન વિનાનો થઇ ગયો છે. વસ્તુતઃ વિચાર કરવામાં આવે તો તેને શરીરનું ભાન ન રહેવાથી શરીરની પણ સ્પૃહા રહેતી નથી. તેનું મન બાહ્ય પદાર્થોની સાથે જે વખતે સંબંધવાળું હોતું નથી તે વખતે બાહ્યમાં તેને વિવેક રહેતો નથી. અમનસ્ક દશાવાળો યોગી અન્તરમાં લયલીન રહે છે તે આત્મમસ્તના અલખરામ કહેવાય છે. જેને શરીર છતાં શરીર નથી એવું ભાસે છે તેવા યોગીને બાહ્ય પદાર્થોમાં પ્રેમ વા દ્વેષની વૃત્તિ ક્યાંથી સ્ફુરે. ?

મદોન્મત્ત ઇન્દ્રિયરૂપ સર્પવિનાના ઉન્મનીભાવરૂપ નવીન અમૃતના કુંડમાં મગ્ન થએલ યોગી અસમાન ઉત્કૃષ્ટ એવા તત્ત્વામૃતના સ્વાદનો અનુભવ કરે છે.

અમનસ્કતાની વા ઉન્મનીભાવની પ્રાપ્તિ થયે છતે રેચક પૂરક કુંભક અને આસનના અભ્યાસક્રમવિના પણ પ્રયત્નવિના સ્વયમેવ પવન નાશ પામે છે—ઉન્મનીભાવમાં આવેલા યોગીને પ્રાણાયામ વા આસનના અનુક્રમની પણ અપેક્ષા રહેતી નથી. પવનનો નાશ કરવા માટે યોગના અંગોનો અનુક્રમે અભ્યાસ કરવો પડે છે—ઉન્મનીભાવ દશાના ઉદય પહેલાં અનુક્રમે અભ્યાસ કરવાની ગુરૂગમ પૂર્વક વ્યવસ્થા છે પણ ઉન્મનીભાવ થયા પશ્ચાત્ તો વાયુનો સહેજે અવરોધ થાય છે આ વાત અનુભવીઓ જાણી શકે છે. ચિરકાલ પર્યન્ત પણ ધારેલાજ પ્રયત્નોવડે જે વાયુ ધારી શકાતો નથી. તે વાયુ ખરેખર ઉન્મનીભાવ પ્રાપ્ત થએ છતે તત્ક્ષણ રૂંધાઇ જાય છે. ઉન્મનીભાવમાં રહેવાનો અભ્યાસ કરનારા યોગીઓને સહેજે આ બાબતનો અનુભવ આવે છે, **यत्रयत्रमनोयातितत्रतत्र समाधयः** ઉપરોક્ત બાબત અનુભવમાં મૂકીને તેની ખાત્રી કરવી જોઇએ ઉન્મનીભાવ પ્રાપ્ત થતાં વાયુ પોતાની મેળે સ્થિર થઇ જાય છે. બ્રહ્મરન્ધ્રમાં ચિત્તરાખવાથી નાસિકાદ્વારા વહેતો વાયુ બંધ પડતો હોય એવું જણાય છે. જ્યારે મન કોઇ પણ વિષયમાં જતું નથી અને મરેલાના જેવું થઇ જાય છે ત્યારે પોતાની મેળે લય પામે છે અને તેની સાથે વાયુનો પણ અવરોધ થાય છે.

આ બાબતના અભ્યાસમાં સ્થિરતા પ્રાપ્ત થયે છતે નિર્મલ અને નિષ્કલતત્ત્વ ઉદય પામે છતે મૂળથી શ્વાસનું ઉન્મૂલન કરી યોગી મુક્ત થએલાની પેઠે શોભે છે. શ્રીમદ્ હેમચંદ્રપ્રભુ પોતાનો અનુભવ આ પ્રમાણે જણાવે છે. આ ઉપરથી જણાય છે કે તેમનો ઉન્મનીભાવસંબંધી. ઘણો અભ્યાસ હશે અને તેઓ આ બાબતમાં ઘણા ગંભીરનાદથી સ્વાનુભવને પ્રગટ કરી જણાવે છે. ઉન્મનીભાવ પામેલા યોગીની શ્રીમદ્ અવસ્થા નીચે પ્રમાણે જણાવે છે.

**योजाग्रदवस्थायां स्वस्थः सुप्तइवतिष्ठतिलयस्थः**
**श्वासोच्छ्वासविहीनः सहीयतेनखलु मुक्तिजुषः ॥ ४७ ॥**

જેયોગી જાગ્રદ્ અવસ્થામાં સ્વસ્થ છે તે લયાવસ્થામાં ઉંઘેલાની પેઠે રહે છે. તે શ્વાસોચ્છ્વાસ રહિત એવી લયાવસ્થામાં યોગી ખરેખર સિદ્ધના જીવથી કાંઇ હીનતા પામતો જણાતો નથી. લયાવસ્થાની દશામાં રહેલા એવા આ સંસારમાં શરીરી છતાં અશરીરી એવા સિદ્ધના સુખનો અનુભવ કરીને અન્તે સિદ્ધપણું પ્રાપ્ત કરે છે. જેના મનમાં મુક્તિના સુખનો નિશ્ચય ન થતો હોય તેણે લય સમાધિ પ્રાપ્ત કરીને તેનો નિર્ણય કરવો. લયાવસ્થામાં મુક્તિના સુખનો અનુભવ ભાસે છે. લય સમાધિની પ્રાપ્તિ માટે ગુરૂગમ પૂર્વક અધ્યાત્મ શાસ્ત્રો અને યોગ શાસ્ત્રોનો અભ્યાસ કરી નિઃસંગાવસ્થા ધારણ કરવાની જરૂર છે. લયસમાધિમાં ચિત્તનો લય થાય છે. ચિત્તના વિકલ્પ સંકલ્પનો નાશ થયા વિના આત્માનો સહજ સુખનો નિશ્ચય થતો નથી. શ્રીમદે લયસમાધિનો અનુભવ પ્રાપ્ત કર્યો છે એવું તેમના આરચેલા શ્લોકથી માલુમ પડે છે—લયાવસ્થામાં બાહ્ય વસ્તુઓનું ભાન રહેતું નથી. મનનો બાહ્ય વસ્તુઓની સાથે સંબંધ હોતો નથી ત્યારે આત્મા ઉપર ઉપરના ગુણ સ્થાનકે ચઢીને આત્માની અનન્ત ગુણી શુદ્ધિ કરે છે અને આત્મા પોતે અનન્ત ગુણા વિશુદ્ધ અધ્યવસાયને ધારણ કરે છે. જેમ જેમ રાગદ્વેષાત્મક મન મરતું જાય છે અને આત્માના શુદ્ધ અધ્યવસાય થતા જાય છે

તેમ તેમ આત્માનું સુખ પ્રગટયા કરે છે તેનો અનુભવ આત્મા પોતે જાણી શકે અન્યોને તે દશાની પ્રાપ્તિ વિના કયાંથી અનુભવ આવી શકે. લયાવસ્થામાં રહેલા યોગીઓ જાગતા પણ નથી અને ઉંઘતા પણ નથી એવી લયાવસ્થાની દશા રહે છે તેને આચાર્ય હેમચંદ્ર પ્રભુ જણાવે છે–

जागरणस्वप्नजुषो जगतीतलवर्तिनःसदालोकाः
तत्त्वविदोलयमग्ना नोजाग्रतिशेरतेनाऽपि ॥ ४८ ॥
भवतिखलुशून्यभावः स्वप्नेविषयग्रहश्चजागरणे
एतद्द्वितीयमतीत्या नन्दमयमवस्थितंतत्त्वम् ॥ ४९ ॥

આ પૃથ્વી ઉપર વર્તનારા લોકો સદા જાગ્રત્ અને સ્વપ્નાવસ્થાવાળા હોય છે. પણ લયમાં મગ્ન થએલા યોગીઓ જાગતા પણ નથી અને સ્વપ્ન દશાવાળા થતા પણ નથી. જાગવું અને તેનો અનુભવ તો જાગનારા અને ઉંઘનારા સર્વ લોકોને હોય છે પણ જાગવાની અને સર્વદા ઉંઘવાની અવસ્થાથી ભિન્ન એવી લયસમાધિની અવસ્થાનો અનુભવ તો કોઇક યોગીઓ કરી શકે છે. જાગવા અને ઉંઘવાની અવસ્થાના ખરા સુખનો અનુભવ થતો નથી. જાગવાની અને સ્વપ્નની દશા તો વારા ફરતી આવ્યા કરે છે. જાગવા ઉપર રૂચિ થાય છે અને અરૂચિ પણ થાય છે. સ્વપ્ન ઉપર રૂચિ થાય છે અને અરૂચિ પણ થાય છે. જાગ્રત્ અને સ્વપ્ન દશા કરતાં ભિન્ન એવી લયસમાધિની દશામાં રહેવાથી જે સુખ થાય છે તેની રૂચિ કદાપિટળતી નથી. **વાગેલ હોય તે જાણે ભાઇ વાગેલ હોય તે જાણે**–લયસમાધિમાં આત્માના સહજ સુખનો સાગર પ્રગટે છે ત્યાં દુઃખનું પણ સ્વપ્ન આવતું નથી. શરીર છુટવા રહે તેની પણ પરવા રહેતી નથી. એ સુખનો અનુભવ સ્વાદ લીધા પશ્ચાત સંસાર છુટે છે તેને કોઇ પણ બાંધી શકતો નથી–એ લયસમાધિની અવસ્થામાં રહેનાર શહેનશાહ અલખ પુરૂષ ગણાય છે. એ દશામાં રહેનારને આત્માનું ખરૂં સ્વરૂપ અનુભવાય છે. મોહની સર્વ પ્રકૃતિયો શાન્ત થઇ હોય તે અવસ્થામાં મોહના અભાવે આત્માનું સુખ આત્માને વેદાય એમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. ત્યાં જ્ઞાતિ નથી. જાત નથી. વેદ નથી હું નથી કે તું નથી. ત્યાં જે છે તે આનંદજ છે. આનંદ આનન્દમય પોતેપોતાને અનુભવે છે. આવી લયસમાધિ એ સહજ સુખ લબ્ધિ છે, આવી લયસમાધિ એ મોટામાં મોટો ચમત્કાર છે–આવી લય સમાધિ એ વીર પ્રભુના હૃદય સુખની વાનગી છે. આવી લયસમાધિ એ શબ્દો વિનાનું દિવ્ય પુસ્તક છે. આવી લય સમાધિ એજ આત્મામાં રહેલું અમૃત છે. લયસમાધિમાં જે છે તે પોતેજ છે. બાકીનું બીજું નથી. સ્વપ્ન દશામાં ખરેખર શૂન્યભાવ થાય છે. અને જાગ્રત્ અવસ્થામાં જાગ્યા પશ્ચાત્ પંચેન્દ્રિયોના સ્વસ્વ વિષયોનું ગ્રહણ થાય છે. આ બે દશાને ઓળંગીને લયાવસ્થામાં આનન્દમયતત્ત્વ રહેલું છે. લયાવસ્થાનો શ્રીમદ્‌ને અનુભવ થયો છે તેથી તે શ્લોકોમાં સ્વાનુભવ ઉભરાઓ કાઢીને લોકોનું ધ્યાન ખેંચવા નીચે પ્રમાણે કહે છે.

**શ્લોક.**

कर्माण्यपिदुःखकृते निष्कर्मत्वंसुखायावीदितंतु

કર્મો દુઃખને માટે છે અને નિષ્કર્મપણું એ સુખને માટે છે એમ તમે જાણ્યું તો નિષ્કર્મસાધ્ય સુલભ મોક્ષમાં શા માટે હે જગતના જીવો તમે પ્રયત્ન કરતા નથી. શ્રીમદ્ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર પ્રભુએ જીગરથી આ ઉપદેશ જગતના લોકોને દીધો છે. જે જે અંશે પરભાવ ક્રિયા રહિત થવું તે તે અંશે મોક્ષ છે. જે જે અંશે વાસનાથી રહિત થવું તે તે અંશે મોક્ષ છે, એક હાથને સર્વ દોરડીઓ વીંટવામાં આવી હોય તેમાંથી જેટલી દોરડીઓ ખસેડવામાં આવે તેટલી દોરડીઓથી હાથ મુક્ત થએલો ગણી શકાય છે. જે જે અંશે કર્મની ક્રિયાઓથી મુક્ત થવાય અર્થાત્ કર્મની ક્રિયાથી નિષ્કર્મ થવાય તે તે અંશે આત્માની મુક્તિ થાય છે. ચાલતો હાલતો દોડતો જીવ સમયે સમયે સાત વા આઠ કર્મ બાંધે છે. માટે મન વાણી અને કાયાના યોગની ક્રિયાઓથી રહિત થવાય તો આત્માની મુક્તતા ખીલતી જાય અને સંપૂર્ણ કર્મનો ક્ષય થયે છતે આત્મા સંપૂર્ણ મુક્ત થઇ સિદ્ધિશિલાની ઉપર સિદ્ધ બુદ્ધ પરમાત્મા તરીકે વિરાજમાન થાય. નિષ્ક્રિયાવસ્થાથી સુખે લભ્ય મોક્ષ છે, લયાવસ્થામાં આ બાબતનો અનુભવ આવે છે અને તેથી નિષ્ક્રિયાવસ્થા પ્રાપ્ત કરવા પ્રયત્ન થાય છે. નિષ્ક્રિયાવસ્થામાં સત્ય સુખનો સાગર પ્રગટે છે. નિષ્ક્રિયાવસ્થાથી આનંદ ખુમારી જેણે ચાખી છે તેજ નિષ્ક્રિય રૂપ પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા લયસમાધિની અવસ્થામાં રહેવા પ્રયત્ન કરે છે. ઉન્મનીભાવથી લયાવસ્થા સાધ્ય થાય છે. લયાવસ્થાથી નિષ્ક્રિયાવસ્થાના સુખનો સાક્ષાત્કાર અનુભવ થાય છે. લયાવસ્થા દ્વારા ઉત્તમ નિષ્ક્રિયાવસ્થાના સુખનો અનુભવ કરીને શ્રી પ્રભુ હેમચંદ્ર લોકોને આ દશામાં આવવાને સંબોધે છે. ધર્મોદયકારક શ્રી હેમચંદ્ર પ્રભુએ અમુકાંશે લયાવસ્થાદ્વારા નિ-ષ્ક્રિયાવસ્થાનો સત્ય સુખાનુભવ લીધો છે અને તેથીજ તેઓ હૃદયના ખરા ભાવને ખુલ્લા શબ્દોમાં જગતની આગળ નીચે પ્રમાણે જાહેર કરે છે.

## શ્લોક.

**मोक्षोऽस्तुमास्तुयदिवा परमानन्दस्तुवेद्यतेसखलु**
**यस्मिन्निखिलसुखानि प्रतिभासन्तेनकिञ्चिदिव ॥ ५१ ॥**

મોક્ષ થાઓ વા ન થાઓ-( ગમે ત્યારે મોક્ષ થાઓ.) પણ ધ્યાન દ્વારા મોક્ષનો પર-માનન્દ તો ખરેખર અમારાવડે અહીં ભોગવાય છે. જે પરમાનન્દની આગળ દુનિયામાં થનારાં સકલ સુખો જાણે કંઇ તે સુખજ નથી એવાં પ્રતિભાસે છે. શ્રી હેમચંદ્રે પોતાના હૃદયનો ખરેખરો રસ આ શ્લોકમાં મૂકી દીધો છે દુનિયાનાં પંચેન્દ્રિય વિષય સુખો અને આત્મિક સુખની તુલના આ શ્લોકમાં કરવામાં આવી છે. દુનિયાનાં સુખોની પેલી પાર રહેલું એવું આત્માનું નિત્ય સુખ જેણે અનુભવ્યું હોય તે આવા ઉદ્‌ગારો કાઢવા સમર્થ થાય છે. મોક્ષનો પરમાનન્દ તો અમારાથી વેદાય છે. એમ શ્રીમદ્‌નું મુક્ત કંઠથી કથવું થાય છે. મોક્ષનો પરમાનન્દ વેદાય છે એ તો નિશ્ચય છે અને તેના કથનાર કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમ-ચન્દ્ર પ્રભુ છે. એમનો આત્મા મોક્ષના પરમાનન્દનો અમુક દશાએ ભોક્તા બન્યો છે. તેમના જેવા મહાપુરૂષ મોક્ષનો પરમાનન્દ ખરેખર ઉન્મનીભાવ-અને લયાવસ્થાથી ભોગવે એમાં કાંઇ અતિશયોક્તિ નથી-આ ઉપરથી સિદ્ધ થાય છે કે અધ્યાત્મ અને યોગશાસ્ત્રો દ્વારા આત્મામાં ઉંડા ઉતરેલા મહાત્માઓ દુનિયાના સુખને તૃણવત ગણીને આત્માના સુખમાં

સદાકાલ મસ્ત બને છે. અમૃત આસ્વાદ્યા પશ્ચાત્ કોણ છાશ પીવાનું મન કરે ? તેમજ લયાવસ્થાથી મોક્ષનો પરમાનન્દ ખરેખર શરીર છતાં છતાં જે મહાત્માઓ ભોગવે છે તે મહાત્માઓ દુનિયાના ક્ષણિક સુખથી દૂર રહે અને તે માટે તેઓની પ્રવૃત્તિ ન થાય એમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. શરીરમાં રહેતાં છતાં પણ લયાવસ્થાથી શરીરાતીત–ઇન્દ્રિયાતીત. મનથી અગ્રાહ્ય એવો મોક્ષનો પરમાનન્દ ભોગવવો હોય તો ઉન્મનીભાવ અને લયસમાધિની પ્રાપ્તિ કરો મોક્ષનું સુખ કેવું છે તેના પ્રશ્નો પુછીને નકામો કાળ વ્યય તજીને લયસમાધિના માર્ગે પડો એટલે પોતાની મેળે મોક્ષનું સુખ ભોગવી શકાશે એમાં જરા માત્ર શંકા નથી. મોટા મોટા મુનિવરોએ લયસમાધિનો આશ્રય લહી મોક્ષનો પરમાનન્દ અનુભવ્યો છે. લયાવસ્થાથી મોક્ષનો પરમાનન્દ સાક્ષાત્ ભોગવાશે અને તેથી પોતાના ભવ્યપણાની ખાત્રી થશે અને થોડાભવમાં મુક્તિની પ્રાપ્તિ થશે. લયાવસ્થામાં મોક્ષનો પરમાનન્દ ભોગવતાં મુક્તિના સુખની પૂર્ણશ્રદ્ધા થાય એટલે આત્માના ભવ્યપણાનો નિર્ણય થાય એમાં શું આશ્ચર્ય ? લયાવસ્થામાં મુક્તિના સુખનો અત્ર સાક્ષાત્કાર થવાથી સંસાર અને મુક્તાવસ્થામાં સમાનતા ભાસે છે. આ બાબતનો નિશ્ચય આવી દશામાં ચઢેલા મુનિવર્ગના હૃદયમાં ભાસે છે આખી દુનિયાનું સાધ્યબિન્દુ સુખ છે કારણ કે આખી દુનિયાના મનુષ્યો સુખને માટે રાત્રી દિવસ બધી ધમાળ કર્યા કરે છે પણ તેમને જે સુખ મળે છે તે ક્ષણિક હોવાથી તેમને શાન્તિ મળતી નથી અને સંસારમાં સુખ મેળવવા પ્રતિક્ષણ વિશેષ વિશેષ પ્રયત્ન કર્યા કરે છે. તેમનાં શરીર ઘસાઇ જાય છે- શરીર માટી ભેગું મળી જઇને માટી થઇ જાય છે તો પણ દુનિયાના મનુષ્યો ખરા નિત્ય પરમાનન્દના ભોગી બની શકતા નથી- પણ જો દુનિયાના મનુષ્યો શ્રીમદે કથેલી એવી લયસમાધિ તરફ પ્રવૃત્તિ કરે તો શ્રીમદ્ના આત્માની પેઠે મોક્ષનો પરમાનન્દ અત્ર ભોગવી શકે. શ્રીમદ્ શ્રી હેમચન્દ્ર સૂરિ આ પ્રમાણે પોતાને થતા મોક્ષના પરમાનન્દનો ઉભરો બહાર કાઢીને હવે સદાકાલ લયાવસ્થામાં થતા સુખનો ઉપદેશ આપતા છતા નીચે પ્રમાણે પોતાના મન મિત્રને શિખામણ આપે છે.

॥ શ્લોક ॥

मधु न मधुरंनैताः शीतास्त्विषस्तुहिनद्युते–
रमृतममृतंनामैवास्याः फलेतुमुधासुधा
तदलममुनासंरंभेण प्रसीदसखेमनः
फलमविकलंत्वय्येवैतत् प्रसादमुपेयुषः॥ ९२ ॥

આ લયાવસ્થા દ્વારા થતા પરમાનન્દની આગળ મધુ તે મધુર નથી. ચન્દ્રમાની કાંતિ તે શીતળ કાંતિ નથી. અમૃત તે નામ માત્ર અમૃત છે અને સુધાતો ફોગટ છે. માટે હે ! મનમિત્ર ! આ દુનિયાના પ્રયાસથી સર્યું. મારા ઉપરનું પ્રસન્ન થા કારણ કે લયાવસ્થા દ્વારાનિર્દોષ સહજ સુખ રૂપ ફળ મેળવવું તે તારા પ્રસન્ન થવા થકીજ મળી શકે તેમ છે. મનમાંથી અનેક પ્રકારના દોષો નીકળી જવા અને આત્માભિમુખ મનનું થવું એજ મનની પ્રસન્નતા છે. આત્માના ગુણોમાં સંલીન થયા વિના આત્માનો પરમાનન્દ પ્રગટ થતો નથી તેથી શ્રીમદે મનને પ્રસન્ન થવા માટે ઉપર પ્રમાણે સંબોધન કર્યું છે. શ્રી હેમચન્દ્ર મહારાજ

કથે છે કે શ્રી સદ્‌ગુરુની મન-વાણી અને કાયાદ્વારા તેમની છાયા જેવા બની ઉપાસના કર્યા વિના પરમાનન્દની પ્રાપ્તિ થતી નથી. જૈન શાસ્ત્રોમાં પંચ મહાવ્રત ધારી સાધુઓજ ગુરૂ તરીકે મનાય છે. તેથી અત્ર સાધુઓનું ગ્રહણ કરવું, એકવીશ હજાર વર્ષ પર્યન્ત સાધુ રૂપ ગુરૂઓની અસ્તિતા રહેવાની છે. સાધુઓ સંસારથી મુક્ત થઇ મોક્ષ માર્ગ આરાધી શકે છે માટે જૈનશાસનમાં ગુરૂપદના તે અધિકારી ગણેલા છે. પરમાનન્દપ્રદગુરૂમહારાજની ઉપાસના કર્યા વિના પરમાનન્દ પ્રાપ્ત થતો નથી. નગુરાઓ ગુરૂગમ વિના પરમાનન્દ શોધવા જતાં ભટકાઇને પાછા પડે છે અને તેઓની ભ્રષ્ટ સ્થિતિ થાય છે માટેજ હેમચન્દ્ર પ્રભુએ ગુરૂની ઉપાસના વડે પરમાનન્દ મળે છે એવો શાસ્ત્રીયાનુભવ દર્શાવ્યો છે.

सत्येतस्मिन्नरतिरतिदं गृह्यतेवस्तुदूरा
दप्यासन्नेप्यसतितुमन स्याप्यतेनैवाकिञ्चित्–
पुंसामित्यप्यवगतवता मुन्मनीभावहेतौ
विच्छावाढंनभवतिकथं सद्गुरूपासनायाम् ॥ ५३ ॥

સદ્‌ગુરૂની ઉપાસના કરવાથી અરતિને આપવાવાળી વ્યાઘ્રાદિ વસ્તુઓ અને રતિને આપવાવાળી વસ્તુઓ મનુષ્યો વડે દૂરથી પણ ગ્રહણ યા સ્વાધીન કરી શકાય છે તેજ મનુષ્યો સદ્‌ગુરૂની ઉપાસનાના અભાવે નજીક રહેલી વસ્તુઓ ગ્રહણ યા સ્વાધીન કરી શકતા નથી. આવું જાણ્યા છતાં ઉન્મનીભાવના હેતુ ભૂત સદ્‌ગુરૂની ઉપાસનાના સંબંધમાં મનુષ્યોની ગાઢ ઇચ્છા કેમ થતી નથી ? આચાર્ય શ્રી મનુષ્યોને ઉન્મનીભાવ પ્રાપ્ત કરવા માટે ખાસ સદ્‌ગુરૂની ઉપાસનાની ભલામણ કરે છે અને જે જાણ્યા છતાં સદ્‌ગુરૂની ઉપાસના કરવા ઇચ્છા ધારણ કરતા નથી તેમ અજ્ઞાન-મોહના દાસ બનેલા છે એમ અવબોધવું. શ્રી હેમચંદ્રે પોતાના ગુરૂની સારી રીતે ઉપાસના કરી હતી. શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય પણ સર્વ વસ્તુની પ્રાપ્તિ માટે ગુરૂ ઉપાસનાને મુખ્ય બતાવે છે. ધર્મદાસગણિ પણ ઉપદેશમાલામાં સદ્‌ગુરૂની ઉપાસના સંબંધી સારૂં વર્ણન કરે છે. યોગશાસ્ત્રના અન્તે આચાર્ય શ્રી સદગુરૂની ઉપાસનાની ભલામણ કરીને ખરી સેવા બજાવે છે. ગુરૂવિના સમ્યગ્‌જ્ઞાન થતું નથી. ઉન્મનીભાવની પ્રાપ્તિ માટે સદ્‌ગુરૂની ઉપાસના જ યોગ્ય છે. સદ્‌ગુરૂની ઉપાસનાથી શાસ્ત્રોનું જ્ઞાન થાય છે. અનેક પ્રકારના અનુભવો મળે છે. ગુરૂકુળ વાસથી પરંપરાએ ચાલતા આવેલા અનેક બાબતના અનુભવોની પ્રાપ્તિ થાય છે. પૂર્વે સૂરિ-મંત્ર વર્ધમાન વિદ્યા વગેરે ગુરૂની કૃપાથી શિષ્યો મેળવતા હતા ત્યારે તેઓ પ્રતાપશાલી થતા હતા-શ્રી હેમચંદ્ર તેમના ગુરૂની કૃપાથી મહા સમર્થ થયા હતા. ગુરૂની કૃપા અને આશીર્વાદથી અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ થાય છે તેમાં જરા માત્ર શંકા નથી-ગુરૂની કૃપાથી શ્રીયશોવિજય ઉપાધ્યાય પણ પ્રભાવક થયા છે. ગુરૂની કૃપાથી અનેક શિષ્યોએ ઉચ્ચપદ મેળવ્યું છે. ગુરૂની સેવા ભક્તિ વૈયાવચ્ચથી જે કંઇ પ્રાપ્ત થાય છે તે સદાકાલ રહે છે. ઉન્મનીભાવની પ્રાપ્તિ તો કદિ ગુરૂની કૃપા અને આશીર્વાદ વિના થતી નથી. ગુરૂએ નાભિના ઉછાળાથી આપેલ આશિષ્‌થી ઉન્મનીભાવના પ્રકાશને પ્રાપ્ત કરવા માટે શિષ્ય ભાગ્યશાલી થાય છે. ઉન્મનીભાવના લવ સમાધિ તે એકજ છે એ કંઇ પુસ્તકો વાંચવા માત્રથી પ્રાપ્ત થઇ શકે નહિ. નાગાર્જુન જેવાને પણ ગુરૂ ગમવિના આકાશમાં

ઉડવાની શક્તિ મળી નહિ. જ્યારે ગુરૂની કૃપા મેળવી ત્યારે આકાશ ગમનની સિદ્ધિ મેળવી. ગમે તેવો જ્ઞાની હોય તો પણ તેણે ઉન્મનીભાવની પ્રાપ્તિ માટે નાના બાળકની પેઠે ગુરૂની ઉપાસનામાં તત્પર થઈ જવું અધ્યાત્મ જ્ઞાનમાં ઉંડા ઉતરેલા શ્રીમદ્ હેમચન્દ્ર પ્રભુની હિત શિક્ષા વિસ્મરવા યોગ્ય નથી. અધ્યાત્મજ્ઞાન અને યોગ જ્ઞાન માટે તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ન્યૂન છે—અધ્યાત્મજ્ઞાનનું સાધ્ય બિન્દુ સહજાનન્દાનુભવ છે તેનો માર્ગ ખરેખર શ્રી હેમચન્દ્ર પ્રભુએ દર્શાવ્યો છે. આ બાબતપર શ્રી યશોવિજય ઉપાધ્યાય પણ અધ્યાત્મસાર ગ્રન્થ રચીને સારો પ્રકાશ પાડે છે—ઉપાધ્યાયજી અધ્યાત્મ શાસ્ત્રોના આનન્દ બગીચાઓ પોતાની પાછળ જીવતા મૂકી ગયા છે તેથી તેઓ પણ શબ્દ દેહે જીવતા છે. અધ્યાત્મસારમાં મનને વશ કરવા માટે તેમણે વૈરાગ્ય જ્ઞાન વગેરે ઉપાયો બતાવ્યા છે. અધ્યાત્મજ્ઞાનની મહત્તા સંબંધી નીચે પ્રમાણે તેઓ લખે છે.

पश्यन्नन्तर्गतान्भावान् पूर्णभावमुपागतः

भुञ्जानोध्यात्मसाम्राज्यमवशिष्टंनपश्यति, ॥ ५५ ॥

અન્તર્ગત ભાવોને દેખતો અને પૂર્ણ ભાવ પામેલો અધ્યાત્મ વૈભવને ભોગવતો જ્ઞાની અન્યને અવલોકતો નથી—શુદ્ધ નિશ્ચય નયથી આત્મા પોતાના જ્ઞાનાદિક ગુણનો ભોક્તા છે અને અશુદ્ધ નિશ્ચયનયથી કર્મકૃત સુખ દુઃખનો ભોક્તા છે. નિદ્રાવસ્થામાં જેમ અહંકાર રહિત સુખનો ભાસ થયો જણાય છે તેમ શુદ્ધ વિવેક દશામાં તો સાક્ષાત્ સુખનો ભોગ થાય છે. બાહ્ય વસ્તુઓના સંબંધ વિના પોતાની મેળે પોતાનામાંથી ઉદ્ભવેલા સુખને પોતાનો આત્મા અનુભવે છે. શુદ્ધ નયથી આત્મા પોતાના શુદ્ધભાવનો કર્તા બને છે. આત્મા પોતાના સ્વરૂપમાં રમે અને કષાયોનો રોધ કરે તેજ આધ્યાત્મિક દૃષ્ટિથી સત્ય તપ ગણાય એમ ઉપાધ્યાય નીચે પ્રમાણે કથે છે.

यत्ररोधःकषायाणां ब्रह्मध्यानंजिनस्यच

ज्ञातव्यंतत्तपःशुद्ध मवशिष्टंतुलङ्घनम् ॥ १५६ ॥

જ્યાં કષાયનો રોધ થાય અને પરમાત્માનું ધ્યાન થાય તેજ શુદ્ધ તપ અવબોધવું બાકી તો લાંઘણ ગણાય આ પ્રમાણે કથીને શુદ્ધ તપ કરવા માટે ઉપાધ્યાય જીવોને માર્ગ દર્શાવે છે અધ્યાત્મ જ્ઞાનથી તપ જે કરાય છે તેનાથી આત્મશુદ્ધિ નીચે પ્રમાણે દર્શાવે છે.

अज्ञानीतपसाजन्म—कोटिभिःकर्मयन्नयेत्

अन्तंज्ञानतपोयुक्त स्तत्क्षणेनैवसंहरेत् ॥ १६१॥

ज्ञानयोगस्तपःशुद्ध मित्याहुर्मुनिपुङ्गवाः

तस्मान्निकाचितस्यापि कर्मणोयुज्यतेक्षयः ॥ १६२ ॥

અજ્ઞાની જન્મ કોટિઓ વડે તપથી જે કર્મ ક્ષય કરે તે કર્મને જ્ઞાન તપ યુક્ત જ્ઞાની એક ક્ષણમાં દૂર કરે છે. માટે જ્ઞાન યોગ તપ શુદ્ધ છે કારણ કે જ્ઞાનયોગ તપથી નિકાચિત કર્મનો ક્ષય થાય છે. અધ્યાત્મ જ્ઞાનપૂર્વક તપ કરવાની મહત્તા જે દર્શાવી છે તે મનન કરવા યોગ્ય છે તેમજ તેઓ અધ્યાત્મજ્ઞાન વિના અજ્ઞાનીઓનાં કર્મો ચિત્તની શુદ્ધિ કરવા સમર્થ થતાં નથી તે નીચે પ્રમાણે દર્શાવે છે.

अज्ञानिनांतुयत्कर्म नततश्चित्तशोधनम्
योगादेरतथाभावाद् म्लेच्छादिकृतकर्मवत्॥ २८॥

અજ્ઞાનીઓનાં જે કર્મ છે તેથી ચિત્તની શુદ્ધિ થતી નથી કારણ કે મ્લેચ્છાદિઆએ કરેલા કર્મની પેઠે જ્ઞાન યોગાદિનો સદ્‌ભાવ તેમાં હોતો નથી તે માટે એમ અવબોધવું. જ્ઞાનગર્ભિતવૈરાગ્યવડે અધ્યાત્મ જ્ઞાનની સ્થિરતા થાય છે અને તેથી અધ્યાત્મજ્ઞાની ક્રિયાનુષ્ઠાનોવડે કર્મનો નાશ કરે છે, દુઃખ ગર્ભિત અને મોહ ગર્ભિત વૈરાગ્યથી અનન્ત ગણો ઉત્તમ એવો જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત કરવો જોઇએ. જ્ઞાન ગર્ભિત વૈરાગ્યથી અધ્યાત્મજ્ઞાન ઉદ્દરવી શકાય જ્ઞાન ગર્ભિત વૈરાગીને કદાગ્રહ હોતો નથી. કદાગ્રહનાશથી જ્ઞાન ગર્ભિત વૈરાગ્યની માલુમ પડે છે તે સંબંધી યશોવિજય ઉપાધ્યાય નીચે પ્રમાણે લખે છે.

॥ अध्यात्मसारे ॥

उत्सर्गेचापवादेपि व्यवहारेथनिश्चये
ज्ञानेकर्म्मणिवायंचे न्नतदाज्ञानगर्भता—॥ ३५ ॥
स्वागमेन्यागमार्थानां शतस्येवपरार्द्धके
तावताप्यबुधत्वंचे न्नतदाज्ञानगर्भता— ॥ ३६ ॥
नयेषुसार्थसत्येषु मोघेषुपरचालने
माध्यस्थ्यंयदिनायातं नतदाज्ञानगर्भता—॥ ३७ ॥
आज्ञयागमिकार्थानां यौक्तिकानांचयुक्तितः
नस्थानेयोजकत्वंचे न्नतदाज्ञानगर्भता—॥ ३८ ॥
गीतार्थस्यैववैराग्यं ज्ञानगर्भततःस्थितं
उपचारादगीतस्या प्यभीष्टंतस्यनिश्रया—॥ ३९ ॥

ઉત્સર્ગ માર્ગમાં, અપવાદ માર્ગમાં, વ્યવહાર માર્ગમાં, નિશ્ચય માર્ગમાં, જ્ઞાન નયમાં, અને ક્રિયાનયમાં, જો કદાગ્રહ હોયતો સમજવું કે તેને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય નથી સ્વાગમોમાં અન્યાગમોના અર્થોનું જાણવું જેમ પરાર્ધની સંખ્યામાં અન્ય સંખ્યાનું સમાઇ જવાપણું થાય છે તદ્વત્ અવબોધવું. સ્વાગમોનું તેટલું જ્ઞાન પામીને પણ અબુધપણું રહ્યું તો સમજવું કે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થયો નથી. પોતપોતાના સ્વાર્થમાં સર્વ નયો સત્ય છે સાર્થ સત્ય એવા નયોમાં પર નયોની અપેક્ષાએ તો નિષ્ફલપણું છે એવું જાણવા છતાં પણ જો માધ્યસ્થ ન આવ્યું તો સમજવું કે જ્ઞાન ગર્ભિતવૈરાગ્યપણું પ્રાપ્ત થયું નથી. આગમિક અર્થોનું આ- વડે અને યુક્તિ વડે સિદ્ધ થાય તેઓનું યુક્તિથી સ્થાનમાં જોડવાપણું ન આવ્યું તો સમજવું કે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થયો નથી. ગીતાર્થનેજ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે. પણ અજ્ઞાનીને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય હોતો નથી તો પણ અગીતાર્થને ગીતાર્થની નિશ્રાએ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. ગીતાર્થને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને તેનામાં અ- ધ્યાત્મ જ્ઞાન ઠરે છે. અધ્યાત્મના બળથી સમ્યકત્વવંતો સંસારના સર્વ બાહ્ય ભાવોથી ન્યારા રહે છે તે માટે એક કહેવત ચાલી છે કે—

समकितवन्ताजीवडा--करेकुटुंबप्रतिपाळ
पणअन्तरथीन्यारारहे जेमधावखेळावेबाळ ॥ १ ॥

સમ્યક્ત્વવંત જીવો ગૃહસ્થાવાસમાં રહીને કુટુંબની પ્રતિપાલના કરે છે પણ અન્તરથી ન્યારા રહે છે. જેમ ધાવમાતા અન્યનાં બાળકોને રમાડે છે પણ તેઓને પોતાનાં માનતી નથી તેમ સમ્યક્ત્વવંત ગૃહસ્થો પણ અન્તરથી ન્યારા રહીને સાંસારિક કાર્યો કરે છે. અન્તરથી ન્યારા રહીને સાંસારિક કાર્યો કરવાં એ અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના બની શકે તેમ નથી. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના અન્તરથી ત્યાગ આવી શકે નહિ અને અન્તરથી ત્યાગ દશા પ્રાપ્ત થયા વિના બાહ્યની ત્યાગ દશા પણ સાર્થક થઇ શકે નહિ, અધ્યાત્મસારમાં નીચેના શ્લોકોમાં જે દશા વર્ણવી છે તે અધ્યાત્મજ્ઞાન વિના ન બની શકે તે અત્ર જણાવે છે.

सेवतेऽसेवमानोऽपि सेवमानोनसेवते
कोऽपिपारजनोनस्या ध्रच्छनपरजनानपि ॥ २५ ॥

अतएवमहापुण्यं विपाकोपहितश्रिया
गर्भादारभ्यवैराग्यं नोत्तमानांविहन्यते ॥ २६ ॥

दारुयन्त्रस्थपाञ्चाली—नृत्यतुल्याःप्रवृत्तयः
योगिनोनैवबाधायै ज्ञानिनोलोकवर्तिनः ॥ २७ ॥

કોઇક વિષયોને બાહ્યથી નહિ સેવતો છતાં પણ અન્તરથી સેવે છે. અને કોઇક અધ્યાત્મપરિણતિ વાળો જીવ બાહ્યથી ભોગો સેવતો છતો પણ અન્તરથી સેવતો નથી. પરજનોને આપતો છતો કોઇ પારકો થઇ શકતો નથી તેમ ગૃહસ્થાવાસમાં રહેલા તીર્થંકરાદિ જીવો ભોગાવલી કર્મના ઉદયથી શરીરને આહારાદિ પર વસ્તુનું દાન આપે છે તેથી તે પરજડ વસ્તુના દાસ બની શકતા નથી–તીર્થંકરો ગૃહસ્થાવાસમાં ગર્ભથી આરંભીને તીર્થંકર પદવી આદિને ભોગવે છે તોપણ તેઓ અન્તરથી ન્યારા રહી શકે છે. કાષ્ઠના યન્ત્રની પૂતલીઓની પેઠે લોકમાં રહેનાર જ્ઞાનીયોગીની પ્રવૃત્તિઓ હોય છે તે યોગીને બંધન માટે હોતી નથી. યોગી પ્રારબ્ધ કર્મોની પ્રવૃત્તિયોમાં આસક્તભાવ ધારણ કરતો નથી. તે પોતાનામાં હું કરું છું. હું ભોગવું છું એવો અહંભાવ ધારણ કરતો નથી તેથી તે બાહ્ય જગતની સાથે મમત્વના પરિણામ રૂપ બન્ધનથી બંધાતો નથી અને મમત્વની કલ્પના વિના તે પોતાના આત્માને બંધનમાં નાખી શકતો નથી. પોતાનો આત્મા કેવી દશામાં વર્તે છે તેનું અધ્યાત્મજ્ઞાનીને સ્પષ્ટ ભાન થાય છે તેથી તે પોતાની ઉચ્ચદશાનો માર્ગ પોતાના હાથે ખુલ્લો કરે છે અને તેમાં પોતે પ્રવૃત્તિ કરતો રહે છે. ગૃહસ્થાવાસમાં રહેલા અને ચક્રવર્તિ પદવી ભોગવતા એવા તીર્થંકરોની વૈરાગ્ય દશા દેખતાં તેઓ બાહ્ય કરતાં અન્તરથી ઘણા ન્યારા દેખાય છે. એવી તેમની દશાનું મૂળ કારણ ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. જીવનો શિવ બનાવી દેવો એ અધ્યાત્મજ્ઞાનની શક્તિ છે. અધ્યાત્મ જ્ઞાનથી મનુષ્ય પોતાના આત્માને દિવ્યાકારમાં બદલી નાખે છે.

# विलक्षण धैर्य.

## માસીક મનોરંજન ઉપરથી અવતરણ.

( લેખક. મણીલાલ મોહનલાલ. પાદરાકર. )

પુણ્યશ્લોક શિવાજી મહારાજે, મહારાષ્ટ્રમાં વાવેલાં રાજ્ય બિજને હજી બહુણુંજ અંકુર ફુટતા હતા; અહવાડીઆ ઉપરજ " ચાકણુ " નો પ્રસિદ્ધ કિલ્લો શિવાજીએ સર કર્યો છે, ને તેનો ચોકસ બંદોબસ્ત કરવા સારૂ મહારાજ પોતે ત્યાં રહ્યા હતા અને હવે પોતાને મન ગમતો બંદોબસ્ત થઇ ગયો હોવાથી, પ્રસન્ન હૃદયે વામ કુક્ષિ કરવા–જરા વિશ્રાંતિ લેવા તેઓ એક સુંદર દિવાનખાનામાં ગયા. તે દિવાનખાનુ કંઇ આજના જેવા તકલિદી ફર્નીચર–કિંવા ફટ દઇને ફુટી જાય તેવા બિલોરખાનાથી શણગારાયલું નહોતું પણ ઉંચા પગ ખૂંચિ જાય તેવા મોટા–ગાલિચા, ઉંચી મખમલની ગાદિવાળો–પ્રચંડ સુવર્ણ પલંગ, મજબુત–કારીગીરીવાળાં સિંહાસનો, સુવર્ણવાળી ખચિત પાદપિઠીકાઓ, દિવાલ પર મહા પુરૂષોનાં ચિત્રપટો, બાજુમાં ભેરવેલી, ઝકારા મારતી–શ્યામરંગી–પ્રચંડ તલવાર, દિવા કરવાની મોટી પીતળની દિવીઓ, પાનસોપારીનું તબક, આદિ વિવિધ સુશોભિત–પણ મજબુત વસ્તુઓથી તે સુસજ્જ હતું.

રાજ્ય સ્થાપનનું–મહત્વનું કાર્ય આરંભ્યા પછી તે મહા પુરૂષને સુખે નિદ્રા આવતી ન હતી. ' ચાકણુ ' સર કર્યા પછી સમાધાનથી શિવાજી સુઇ ગયા–ને તુર્તજ ઘસઘસાટ ઉંઘી ગયા.

ટુંક સમય થયો નહિં, તેટલામાં તો શિવાજી ઝબકીને જાગી ઉઠયા પરંતુ તેમણે જાગી ઉઠતાંની સાથેજ શું જોયું ? પોતાની છાતી ઉપર એક અલ્પ વયસ્ક–પણ પ્રચંડ બાંધાનો તરૂણ હાથમાં ચકચકતો–તિક્ષણ છરો લઇ–પોતાનું ખૂન કરવાનાજ ઇરાદે ચઢી બેઠો હતો. તેની ક્રુદ્ધ મુદ્રા–તેમજ તેણે શિવાજીને જે રીતે છાતી પર દાબ્યો હતો તે પરથી તે શિવાજીને છોડે–અગર શિવાજી તેની પાસેથી છટકી જાય એવો બિલકુલ માર્ગ હતોજ નહિં. શિવાજીએ સામેજ ભેરવેલી–પોતાની વહાલી 'ભવાની " તલવાર સામે જોયું પણ ના ના આજ શિવાજી તે લઈ શકયા નહિ. તે યુવક તુર્તજ તેમની ઈચ્છા પામી ગયેલ તે તેમને મારવા–તેમનું ખૂન કરવા–શિવાજીના વાવેલા રાજ્યના કુમળા છોડને કચરી નાંખવા–તેણે પોતાનો છરો હવામાં ઉછાળ્યો–થઇ રહ્યું–આવી રહ્યું. શિવાજી શું કરે ? પાંજરામાં પુરાયલા સિંહના જેવીજ તેમની આજ સ્થિતિ હતી. તેમના છુટવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા–ભારતોદ્ધાર કરવા મથનાર–વ્યક્તિનું અસ્તિત્વ હવે વધુ વાર હયાતીમાં નહી રહે—પણ તેટલામાં તો—

કોઇ પ્રચંડ આકારે–તે ઉંચો કરેલો હાથ મજબુત પકડયો ને એક આંચકા સમેત તેને છરા સુદ્ધાંત ઉંચકી દુર ફેંકી દીધો. મહારાજ હવે છૂટા હતા ને તે તરૂણપર છરા સાથે કોઇ ચઢી બેઠું હતું. શિવાજીએ પોતાના પ્રાણદાતા–મિત્રને ઓળખ્યો. તેની સેવા–થી શિવાજીને તેના પરનો પ્રેમ હજારો ઘણો વધી ગયો. તેમનું ગળુ બેશી ગયું ને મૃદુસ્વરે બોલ્યા. " તાનાજી ? "

મહારાજની મધુર હાક સાંભળતાંજ, તાનાજી ઉઠયો–ને તે યુવકને મહારાજની સમક્ષ

ઉભો કર્યો. તે યુવક–છે; ? તે યુવક શાનો ? તે સોળ વર્ષના કુમારનું આવું વિલક્ષણ ધૈર્ય જોઇને શિવાજીને પારાવાર આશ્ચર્ય થયું પણ તે તેમણે પોતાની મૂખ મુદ્રાપર બતાવ્યું નહીં. શિવાજીએ એક વાર પોતાની તિક્ષણ–ભેદી દૃષ્ટિએ જોયું. તરૂણ બિલકુલ બે ફીકર નચિંત મુદ્રાએ–હાલ્યા કે ચાલ્યા શિવાય–ભય કે ચિંતાનું કંઇ પણ ચિન્હ બતાવ્યા શિવાય અડગ ઉભો હતો. એક પણ સુરકારો નાંખ્યા શિવાય ખૂલ્લી છાતીએ ઉભેલા તે તરૂણ તરફ જોઇને શિવાજી ગંભિર સ્વરે બોલ્યા—" છોકરા ! તહારો અપરાધ કેટલો બધો ભયંકર છે, તેની તને કલ્પના છે ? મહારા જીવનની તો મને બિલકુળ કાળજી નથી પણ મહારા સ્વદેશવૃતની આથી શું દશા થાત. આવા પ્રાણ સંકટથી આપણા વહાલા મહારાષ્ટ્રનો ઉદ્ધાર કરવાની મહારી ઇચ્છા મહારા મનમાંજ જન્મી–મનમાંજ મરી જાત. બાળક મેં તહારૂં શું બગાડયું છે ! આને માટે સખ્તમાં સખ્ત શિક્ષા તને કેમ ન કરવી જોઇએ ? "

આ સાંભળી તે કુમાર તેટલીજ ગંભિરતાથી બોલ્યો—" મહારાજ ! મને મહારા અપરાધની પૂર્ણ કલ્પના છે ને તે બદલ આપ મને ગમે તેવી કડક શીક્ષા ફરમાવશો તે મને શિરસાવંદ્ય છે. આપ ચાહો તો મને તોપને મોંઢે ઉડાડી મુકો મને બિલકુલ ડર નથી. "

શિવાજીને આ બાળકના આવા અપૂર્વ મનોધૈર્યથી અધિક આશ્ચર્ય લાગ્યું ને તે થોડાક કોમળ સ્વરે બોલ્યા.—" છોકરા ! તહારી આ નિર્દોષ બાલ મુદ્રા પરથી–તહારા સાથે આવું દુષ્ટ કામ કેમ બન્યું તેજ મને અજાયબ લાગે છે. શું મહારાષ્ટ્રમાં હિંદુ રાજ્ય થાય તે તને ગમતું નથી ? શું મેં કંઇ તારૂં ખાનગી નુકશાન કર્યું છે ? શું હિંદુઓમાં પણ હજી મહારા આ પવિત્ર કાર્યથી કોઇ નાખૂશ છે ? મને તો લાગે છે કે તું આ કાર્યમાં કોઇનો પ્રેરાયલોજ પ્રવૃત થયો હઇશ. સત્ય બોલ ! હું તહારો ગુનો માફ કરીશ. હજી તું બાલક છે ! "

" મહારાજ ! બોલવા માટે ક્ષમા કરશો યત્કંચિત મૃત્યુના ડરથી હું કોઇનું રહસ્ય ખૂલ્લુ કરીશ એમ આપને લાગ્યું ? શું આપે મને એવો નિચ ધાર્યો ? મૃત્યુના ડરથી કોઇનું ગુહ્ય પ્રકાશ કરે તેવો નિચ હું નથીજ ? '

આ બાળકનો આવો દ્રઢ સંકલ્પ જોઇ શિવાજીને તેની સર્વ હકીકત સાંભળવાની ઇચ્છા થઇ, તે બોલ્યા–"બાળ ! સત્ય બિના જણાવ તહારો ગુનોહ માફ છે. "

તે બાળક બોલ્યો–"મહારાજ મહારા જીવનથી સર્યું ! મહારા જીવન શિવાય આ કાર્યમાં પ્રવૃત થયેલાં સર્વ મનુષ્યોને ક્ષમા કરો તો આપને સર્વ વાર્તા નિવેદન કરીશ. આપ મને જોઇએ તે કડક શિક્ષા ફર્માવો. "

" ઠીક છે, જા બીજા સર્વના અપરાધ માફ છે. તું તહારી હકીકત સવિસ્તાર કહે. અસત્ય બોલીશ નહી. યાદ રાખજે કે તું શિવાજી પાસે ઉભો છે. જે સત્યનો સન્મિત્ર ને જૂઠનો જીવલેણ દુશ્મન છે. બોલ હવે !"

" સાંભળો ત્યારે મહારાજ ! આ ખૂન કરવાનું પાપ મ્હેં મહારા પાપી પેટને ખાતર સ્વિકાર્યું હતું. મહારો પિતા મને બાલ મુકીનેજ–આપને ખાતર લડતાં યુદ્ધમાં માર્યો ગયો છે. તેને બે વરસ થઇ ગયાં છે. ઘરમાં મા–ને હું બેજ છીએ. અમો બેઉ આજ ચાર માસ થયાં હમેશાં અર્ધો ઉપવાસી રહીએ છીએ, માને ભુખી સુતી જોઇ હું બળી જાઉછું–આપને ગરીબોની ખબર ક્યાંથી હોય? મહારા પેટની મને મુદ્દલ કાળજી નથી પણ ગંગાસ્વરૂપ પૂજ્ય માતુશ્રીનું દુઃખ મને બહુજ સાલે છે. આપને મા હશે તો આપને મા શું ચિજ છે તેની કલ્પના હશે. સુભાનરાવ

પાટીલ–"શિવાજીનું ખૂન કરનારને સો રૂપીઆ" આપવા તૈયાર થયો હોવાથી–મેં તે માથે લિધું. મહારાજ તમારાજ ખાતર સમરાંગણમાં પોતાનું લોહી રેડનારનાં અન્ન વિનાં ટળવળતાં બાળકોની સંભાળ રાખવી એ શું આપની ફરજ નથી ? બસ મહારાજ ! મ્હારી કર્મકથા પૂર્ણ થઇ. મ્હારો પ્રયત્ન વૃથા ગયો. હવે આપ ફરમાવો તે શિક્ષા સહન કરવા સેવક કટિબદ્ધ છે. આજ્ઞા કરો મહારાજ !"

આ સાંભળી શિવાજીનું દયાળુ અંતઃકરણ દયાથી દ્રવિભુત થઇ ગયું. આ બાળક માટે તેને અપરિમિત કૌતુક લાગ્યું. આટલી શિશુ વયમાં આવું "વિલક્ષણ ધૈર્ય ?!!" તો પણ તેના ધૈર્યની પૂર્ણ પરીક્ષા કરવાના ઇરાદે શિવાજી ક્રોધ બતાવીને બોલ્યો–"તાનાજી ! આ છોકરાને અમણાંને અમણાં તોપના મોંઢે ચઢાવીદ્યો જાવ વિલંબ ન કરો.

બાળકનાં નેત્ર માત્ર પાણીથી ભિંજાયાં ને બોલ્યો—"મહારાજ ! મને બે ઘડિની રજા આપો. તેટલા વખતમાં માને મલીને આવું છું. એકાએક તેની પાસેથી સદાને માટે જતો રહેવાથી માને અતિશય દુઃખ થશે. માને મળવા રજા આપો મહારાજ."

"વાઃ વાઃ તને એક વાર અહિંથી જવા દીધો, એટલે પુનઃ તું અહિ આવવાની તસ્દીજ શાની લે ? કાળનાં પ્રચંડ જડબાંમાં જાણી બુજીને કુદકો કોણ મારે વારૂ ? અહીંથી ગયેકે તુર્તજ તું એકાદિ સુરક્ષિત જગ્યાની શોધમાં પડવાનો કેમ બચ્ચા ?"

"મહારાજ મહારા બોલવા પર વિશ્વાસ રાખો. બે ઘડિમાં પાછો ન આવું તો હું અસલ મરાઠા બચ્ચો નહિં. આપને માતૃ પ્રેમની કલ્પના હશે તો–છેવટની ઘડિએ માને મળવા જવાની પરવાનગી આપશોજ. હજી સત્યનો લોપ થયો નથી."

"આ ઉપરથી શિવાજીએ તેને જવાની આજ્ઞા આપી. આ જોઇ કુમારનું મન પ્રફુલ્લ થઇ ગયું ને બોલ્યો—"મહારાજ આપના આવા ઉદાર વર્તનથી અવશ્ય આપ મોટા મનના લાગો છો. આપને એક વખત કડકડીને ભેટું એવી ઇચ્છા થાય છે." એમ બોલીને જરા આગળ ધસ્યો.

"છે, અહુણાં નહિં ! તું પાછો આવી તોપને મોંઢે જતી વખતે જોઇએ તો મને ભેટજે. મરણોન્મુખ થયલા પુરૂષનો સ્પર્શ મને અગ્ની તુલ્ય લાગે છે."

ક્ષણવારમાં તો કુમાર ત્યાંથી અદશ્ય થઇ ગયો, તેના જવા બાદ થોડીવાર ત્યાં શાંતિ છવાઇ ગઇ. મહારાજ બોલ્યા. "તાનાજી ત્હારા–મહારા પર કેટલા બધા ઉપકાર ! દરેક સંકટના સમયે તું મને છોડાવવાને તૈયારજ. તહારા જેવા પ્રાણને બદલે પ્રાણ દેનાર મિત્રબંધુના બાહુબળ પરતો મ્હેં હિંદુ રાજ્યનો પાયો નાંખ્યો છે. મને તો શંકા રહે છે કે–મહારી ચિંતામાંને ચિંતામાં તું રાત્રે નિદ્રા પણ લેતો હઇશ કે નહી. મિત્ર તાનાજી ! આવ મને ભેટ ! તહારા ઉપકારનો બદલો આ જન્મમાં તો હું વાળી શકવાનોજ નથી."

પ્રફુલ્લ વદને તાનાજી બોલ્યો—"મહારાજ આવું શું બોલવું ? અમારા જેવા યઃકશ્ચિત લોકોનું આપ કેટલું બધું ગારવ કરો છો ? અમોને લજ્જા આવે છે મહારાજ ! આપના જીવનની કાળજી રાખવી એ પ્રત્યેક મહારાષ્ટ્રિયનું આદ્ય કર્તવ્ય ગણાય પણ આ પાટલ આવું દુષ્કૃત્ય કરવા કેમ તૈયાર થયો હશે તે હું સમજી શકતો નથી. આ ઉપરથી હજી મહારાષ્ટ્રનું દુર્દૈવ પૂર્ણ થયું લાગતું નથી."

શિવાજી બોલ્યા—" તાનાજી આ દેશોદ્ધારના કાર્યાર્થે મ્હારે ઇચ્છા વિરૂદ્ધ—ઘણીક વ્યક્તિઓને અસંતુષ્ટ કરવાનો પ્રસંગ આવે છે. આ કિલ્લો સર કરતી વખતે—મૃત્યુ પામનારાઓમાં પાટલનો એકનો એક છોકરો પણ હતો. પાટલનો છોકરો ભવાની આપણને મલી જવાથી, મુસલમાનો તેના પર રોષે ભરાયા ને તેની જાગીરો જપ્ત કરીને તેને સતાવવા માંડયો. આવા સંકટોથી કંટાળી તેને મ્હારો દ્વેશ આવે એ સ્વાભાવિક છે પણ હું તેનો દોષ કાઢતો નથી. મ્હેં તેને કયારનીએ ક્ષમા કરી છે."

" અહાહા ! કેવું મોટું મન ? કેવી દયાળુ વૃત્તિ ! ધન્ય છે ! એમ બબડતો તાનાજી બોલ્યો—મહારાજ આપનું ઔદાર્ય ને મનનું મોટાપણું અલૌકિક છે. આપ દેવ છો—મનુષ્ય નથી પણ મને આ શિશુ વયના બાળક માટે ઘણું ખરાબ લાગે છે. આવો શુરવીર કુમાર આપણી બાજુએ રહી લઢતો હોય તો કેવું સારૂં ! મોટી ઉમ્મરે તો તે મરાઠા રાજ્યનો મોટો સ્થંભ થઇ પડે."

" અને તેમજ થશે " શિવાજી બોલ્યો " શું આવા **અલૌકિક વીર** બાલકને હું તોપને મોઢે ચઢાવીશ એમ તને લાગે છે ! મ્હારી તેના સંબંધની કલ્પના છે તે જો સત્ય ઠરશે તો તે પોતાના વચનની સત્યતાની ખાતર સત્વરજ અત્રે આવી પહોંચશેજ. તાનાજી તે બાલક અવશ્ય આપણી પાસે રહેશે અને મરાઠાનું નામ ગજાવશે એ નિઃશંસય છે.

શિવાજી મહારાજના ધિરોદાત્ત ગુણોની પુરી ઓળખ આજેજ તાનાજીને થઇ. " મહારાજ આપતો પ્રત્યક્ષ દેવ છો " એમ બોલી તેણે મહારાજના ચરણ કમલમાં પોતાનું શિર ઝુકાવ્યું. શિવાજીએ ઘણી મમતાથી તેને ઉઠાડી, છાતી સરસો ચાંપ્યો એટલામાં તો તે બાલકુમાર શિવાજી સામે આવી ઉભો. તે બાલકનું ધૈર્ય દર્શક—પ્રશાંત—મુખકમલ જોઇને શિવાજી પ્રેમ ભર્યાં મુખડે બોલ્યા—

" બાળ ! તું આટલો જલદી આવ્યો ? તહારી માતુશ્રી પાસે તું વધુવાર થોભ્યો નહિં ? છેલ્લું મિલન આટલું ઉતાવળે આટોપવાની એટલી બધી શી ઉતાવળ હતી ? એક મરવા જતા દિકરાની—મા સાથેની છેલ્લી મુલાકાત આટલી ટુંકીજ ? જરા વધુ વિલંબ થયો હોત તો કંઇ હરકત ન હતી."

" મહારાજ ! હું કદાચ મ્હારા બોલવા પ્રમાણે વખત સર ન આવું તો આપ મ્હારે માટે શું ધારો ? શું તમે મને બેવચની વિશ્વાસઘાતી નહી કહેત ? મરાઠા બચ્ચો કદી પણ વચન ભંગ કરતો નથી મહારાજ ? હું માને મળવા ગયો હતો—ને માને બધા વર્તમાન કહી સંભળાવવા દઢ નિશ્ચય કર્યો હતો પણ માને જોતાંજ—માનું ગરીબડું—પણ ઉજવળ મુખ કમળ જોતાંજ મ્હારા વિચાર મનમાંજ રહ્યા. માએ મને જોતાંજ કેટલી બધી મમતાથી મને બોલાવ્યો. મ્હારૂં મસ્તક સુંઘ્યું. માને બધા વર્તમાન જણાવતાં તેને કેટલું બધુ દુઃખ થશે ? એમ ધારી મેં તેને કહ્યું નહી ને ચાલ્યો આવ્યો. બનેલી સર્વ બીના તે આપો આપજ જાણશે પણ મહારાજ ! મ્હારૂં એક માગણું છે કે—મારી માને જણાવશો કે—તહારો દીકરો એક વીર મર્દની માફક મરવા તૈયાર થયો હતો."

કુમારના આ વીરોત્તમ ઉચિત ભાષણે મહારાજને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખ્યા. તેના તરફની માયા મમતા પ્રિતીથી તેમનું હૃદય તરબોળ થઇ ગયું. આવા સત્યવાદી વીર ધિર નિર્દોષ બાલકપર કોને પ્રેમ ન ઉપજે વારૂં ? હવે મહારાજથી રહેવાયું નહીં—તે

બોલી ઉઠયા–" બાલ વીર ! તહારા જેવા વીરનરને હું એવી શિક્ષા કેમ કરી શકું ? આવ ! આવ ! એકવાર મને કડકડીને ભેટ ! મેં તને ક્યારનીએ ક્ષમા આપી છે ! "

કુમારે ગદ્દગદ્દ કંઠે–અશ્રુ પૂર્ણ નેત્રે–પોતાનું જુલ્ફાંવાળું મસ્તક શિવાજીના ચરણ કમલમાં મુકી દીધું. તેમના ચરણ નજીકની રજ તેણે માથે ચઢાવી. મહારાજે તેને અતિશય પ્રેમથી ઉઠાડ્યો ને છાતી સરસો ચાંપ્યો. હવે બેઉનાં નેત્રો આનંદાશ્રુથી ઉભરાઈ જવા લાગ્યાં.

કુમારથી બોલી શકાય નહી છતાં ભરાઈ ગયલી છાતીએ તે બોલ્યો–" મહારાજ કૃપાળુ પિતા ! આજે આપે મને ને મ્હારી માતુશ્રીને જીવીતદાન આપ્યું છે. ઓ પ્રભુ ! આપનો ઉપકાર હું કેવી રીતે વાળી શકીશ ? અપકાર પર ઉપકાર કરનારા ઓ દેવ ! મ્હારા ચામડાના જોડા આપને પહેરાવતાં પણ હું રણ મુક્ત થનારજ નથી. "

મહારાજે કહ્યું—" બાળ ! તું જેવો તહારી માતાપર પ્રેમ રાખે છે, તેવોજ તહારા સ્વદેશપર તહારા કર્તવ્ય તરફ રાખતો જાય તો કેવું સારૂં ? તું આ દેશોદ્ધારનાં પવિત્ર કાર્યમાં મને મદદ કરીશકે ? તહારા બાહુબળ ધૈર્ય આદીનો ઉપયોગ પરમાર્થમાં–પરોપકારમાં દેશોન્નતિમાં–શુભ કાર્યોમાં વાપરતો જા. "

" મહારાજ ! મ્હારા જીવમાં જીવ છે ત્યાંસુધી હું આપના ચરણને પ્રાણાંતે પણ છોડીશ નહીં. આજથી હું શિવાજી મહારાજના મ્હારા સ્વદેશ માટે તન મન ધન સહ મુલ્યે વેચાયો છું. "

અને હવે સો રૂપીઆ માટે શિવાજીનું ખુન કરવા તૈયાર થયલો આપણો બાલવીર; મહારાજ સાથેજ સદોદિત રહેવા લાગ્યો ને પરાક્રમથી ચઢતો મોટો સરદાર થઇ ગયો, ને આજપણ મહારાષ્ટ્રના વૃધ્ધો–" સરદાર માલોજી રાવનાં ધૈર્યનાં, સ્વદેશાભિમાનનાં ને સ્વામિભક્તિનાં ગાણાં ઘણા આનંદ ને પૂજ્ય ભક્તિથી ગાય છે.

---

# समरादित्यना रास उपरथी.

( લેખક—મુનિ માણેક. કલકત્તા. )

( અનુસંધાન ગતાંક પાને ૨૭૫ થી )

બહુમાનથી કોઇ ઘેરે બોલાવે,
કરીવિનતિ શીર્ષ ચર્ણે નમાવે;
ભલા સ્વાદનાં ભોજનો ત્યાંજ હોય,
હશે અંતરાય નહિ જોગ જોય !

જમણ એ શબ્દને સારી રીતે નાના બાળકથી તે મોટાં સુધી સર્વે જાણે છે કારણ કે .જીભ ને અનુકુળ એવાં સ્વાદિષ્ટ ભોજનો તેમાં ખાવામાં આવે છે. લગ્નના પ્રસંગે કે ખુશાલીના પ્રસંગે મોટા શહેરમાં કે નાનાગામડામાં નાતોના વરા થાય છે તેમ ધાર્મિક પ્રસંગે પણ પોતાના સ્વધર્મી બંધુઓને બોલાવી જમાડવાનો રીવાજ દરેકમાં છે તેમાંપણ જ્યારે જમાઇને સાસરે આમંત્રણ આપી બોલાવે ત્યારે કે પરદેશથી કોઇ પોતાને ઘેર આવે ત્યારે ઘરના મોભા પ્રમાણે શક્તિ ઉપરાંત પણ ખર્ચ કરીને વિવિધ જાતનાં ભોજન તૈયાર કરી જમાડવામાં આવે છે ત્યારે જમનારને અપૂર્વ

આલ્હાદ ઉત્પન્ન થાય છે. આતો સાંસારિક સ્થિતિમાં રહેલા ગ્રહસ્થો માટે કહ્યું પણ મોક્ષ પ્રાપ્ત કરવા માટે કે સ્વર્ગનું અપૂર્વ સુખ મેળવવા માટે જેમણે સંસાર ત્યજ્યોછે. ઇંદ્રિયોના સ્વાદ તજ્યા છે, તેઓને પણ જ્યારે ગ્રહસ્થો પોતાના આત્માના ઉદ્ધારાર્થે આમંત્રણ કરે છે ત્યારે વિવિધ જાતના ભોજનો તૈયાર કરી બહુ માનપૂર્વક બોલાવી તેમને જોઇતી વસ્તુ અર્પણ કરે છે. સામાન્યનું તેડું પણ કોઇ ગ્રહસ્થને આવે તો પોતાને મોટું માન મળેલું સમજે છે તો શ્રીમંત કે કોઇ રાજા બોલાવે તો ગ્રહસ્થને જમણ જમતા કરતાં પણ વિશેષ આલ્હાદ થાય છે તેમાં શું નવાઇ? પણ જે ખરા મહાત્માઓ છે તેમને તો કોઇના આમંત્રણથી કે આમંત્રણ વિના આનંદ કે શોક થતો નથી તેમ દૂધપાક મળે કે સૂકો રોટલો મળે તોપણ તેમને આનંદ કે શોક થાતો નથી. તેઓની વૃતિતો હમેશાં તપશ્ચર્યા કરી દેહ અને આત્માનો જે સંબંધ અનાદિ કાળનો બંધાયલો છે અને જેને લીધે અનંતી વાર જન્મ મર્ણનાં અને વ્યાધિનાં દુઃખ સહેવાં પડયાં છે તે સંબંધ તોડવા માટેજ તેઓ પ્રયત્ન કરે છે પણ પૂર્વે આયુ બાંધેલું પૂરૂં થતાં સુધી શરીરને નિભાવવા માટે તથા થતી ક્ષુધાનું એકાંત આર્તધ્યાન દૂર કરવા માટેજ નિસ્પૃહી પણે લુખો સુખો અલ્પ આહાર લેઇ તેઓને જીવન ગુજારવાનું છે અને ભોજન આનંદને બદલે જ્ઞાનાનંદમાંજરક્ત રહેવાનું છે. આવા મહાત્માઓને આમંત્રણ કરવું કે તેમને યોગ્ય આહાર આપવો તે મહા પુણ્યનું કારણ હોવાથી શ્રીમંતાઇ કે રાજ્ય રિદ્ધિમાં લીન થએલા પણ શ્રેષ્ટ પુરૂષો પ્રમાદ છોડી તેમની સેવા કરવા તત્પર થાય છે તેમાંપણ દાન લેનાર મહાતપસ્વી હોય દાન આપનાર ઉદાર ધર્મ રકત રાજા હોય અને રાજાના ઘરમાં દરેક વસ્તુ આપવાની જોગવાઇ હોય અને તેણે પૂર્ણ ભાવે આમંત્રણ કરેલું હોય તપસ્વીએ તેની નમ્રતા પૂર્વક વિજ્ઞપ્તિથી સ્વીકારેલું હોય અને ઘરમાં અત્યુત્તમ ભોજન દાન આપવાનું હોય એવા સંજોગો મહા પુણ્યેજ કોઇને પ્રાપ્ત થાય છે પણ જેમ શુભ કાર્યમાં અનેક વિઘ્ન આવે છે તેમ આવા મહત પુણ્યના કાર્યમાં પણ એક વિઘ્ન તે સમયે નડયું હતું તે એજ કે રાજા આમંત્રણ કરી આવીને ઘેરે આવી તે વાત ભૂલીજ ગયો! જો કોઇને તે વાત કહી હોત તો બીજો પણ તેમાં સહાય કરત પણ અહીં તો રાજા સિવાય બીજું કોઇ જાણતુંજ નહોતું અને કર્મ સંજોગે પાંચમા દિવસે જ્યારે અગ્નિશર્મા તપસ્વી ગુરૂની આજ્ઞા લેઇ પારણું કરવા માટે રાજદ્વારે આવ્યો ત્યારે ત્યાંતો ઉદાસીનો વિચિત્ર દેખાવ તેના જોવામાં આવ્યો. નતો કોઇ તે સાધુને તેડવા સામું આવ્યું નતો કોઇએ તેને ઉભેલો પણ જોયો ન કોઇએ બેસવા આસન આપ્યું ન કોઇએ વાતચીત સરખી પણ કરી ત્યારે જમાડવાની તો આશાજ શું! આવો વિપરીત દેખાવ જોઇ થોડી વાર રાહ જોઇ તે અગ્નિશર્મા તપસ્વી પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે કોઇને કંઇ પણ કહેવા વિના કે કોઇ બીજા ઘેરે પારણું કરવા જવાની ઇચ્છા કર્યા વિનાજ ચુપચુપ ગામમાં નીકળી ગયો અને તપોવનમાં પાછો આવ્યો હતો જ્યારે તેનું મોઢું પ્રફુલ્લિત ન જોયું ત્યારે વિચક્ષણ તાપસ નાયકે પારણું થવામાં શું અંતરાય આવ્યો તેવું તેને પૂછતાં રાજમહેલમાં થએલી ગરબડથી શિષ્યે અનુમાન કરીને ગુરૂને કહ્યું કે હે ગુરૂવર્ય! આજે રાજાના મસ્તકમાં અતિશય વેદના થવાથી તે બરાડા પાડે છે અને તેના આક્રંદથી અંતે ઉર શોકાતુર છે ગીતવાજીંત્ર બંધ છે વૈદ્યોને બોલાવવાની ધામધુમ છે વાતચીત કરવાની કોઇને ફુરસદ નથી અને કદાચ રસોઇ વિગેરે તૈયાર હોય તોપણ મને આમંત્રણ બહુ આગ્રહથી રાજા કરી ગયેલ છે તેવું કોઇ જાણે અણ-

તુંજ નથી એવી રીતે મને સામાન્ય ભીક્ષુક માફક ગણી દીધાથી અપમાન સરખું મને ત્યાં લાગવાથી મારી પ્રતિજ્ઞા પ્રમાણે કોઇએ નબોલાવવાથી હું પારણું કર્યા વિના પાછો આવ્યો છું જો કે રાજાની અત્યંત ભક્તિ હશે તોપણ મારે તો હવે તપશ્ચર્યા કરવાનું યોગ્ય છે. અને તે ભલા રાજાને શરીરે જલદી આરામ થાઓ એજ મારી પ્રભુ પાસે પ્રાર્થના છે. આવી રીતે શુભ ભાવનાથી ગુરૂને નમસ્કાર કરી તે મહા તપસ્વી જરા પણ ખેદ કર્યા વિના કે બીજા ઉપર ક્રોધ લાવ્યા વિના પાછો તપશ્ચર્યા કરી આત્મભાવના ચિંતવવા સમાધિ લગાવી સ્થિર ચિત્તે એક સ્થાને સ્થિર થઇ ગયો હતો!

---

# दयानुं दान के देवकुमार.

( લેખક. પુંડરીક શર્મા સાણંદ. )

( અનુસંધાન ગતાંક પાને ૨૭૬ થી )

" એ તો હું કહેતો ' તો રતો. "

" હા. "

" ત્યારે તું બહુ ઉતાવળ કરતી હતી. હવે ઠેકાણે આવીને ? "

" હશે ચાલો હવે બહુ વાત કરી; સમય પણ બહુ થયો છે. " નવેલિકાએ કહ્યું.

" જેવી ઇચ્છા " મયલ નવેલિકાની ઇચ્છાને આધીન થયો.

* * *

વાચક ! ચાલ ચાલ ! ઉતાવળો દોડ. સ્વાર્થ સધાયો. જાણવાનું જાણ્યું. હવે આંહિ ઉભાં રહી હૃદયને, ને હૃદયના માનસિક પ્રવાહને અપવિત્ર નહિ બનાવવો જોઇએ. આપણે શું ? તેમનાં કર્યાં તે ભોગવશે ! વાતચીત ઉપરથી જણાયું હશે કે મયલને નવેલિકા પરસ્પર પ્રેમયુગ્મ છે. જ્યારે મયલ સિપાઇગીરીમાં હતો ત્યારે નવેલિકા એક ભિખારણને વેશે તેની જોડે સંબંધ ધરાવતી હતી. તે પોતાની ચાલાકીથી આટલે દરજ્જે પહોંચી છે, ને તેનો પ્રતાપ મયલને પણ લાભદાયી બન્યો છે. બન્નેને પ્રથમના જેવોજ પરસ્પર સંબંધ છે. મયલ અસ્થિર ચિત્તનો છે, તે તો તેના બોલવા પરથીજ જણાય છે. એટલુંજ નહિ પણ મલિન વાસનાનો ભોગી છે. તેનાજ પરિણામે બન્નેમાં ક્વચિત્ વિરોધ ભાવનાનું ઉદ્દીપન થાય છે. નવેલિકા ખરેખર એક પ્રપંચની પુતળી છે. ભિખારણમાંથી દાસી થઇ ને દાસીમાંથી હવે રાણી થવાની ઇચ્છા થાય છે. સ્વરૂપાને પણ ભરમાવનાર તેજ છે. તેને વધારેમાં મયલની મદદ મળે છે. મયલ જોડે દોસ્તી ટકાવી રાખવાનું પણ એજ કારણ છે. તેમ તેણે પણ મયલને રાજા થવાનો તાળવે ગોળ ચોંટાડયો છે. આમ અન્યોન્ય બન્નેને સ્વાર્થ છે.

## પ્રકરણ ૮ મું.

વાચક હજી આપણે એક સર્જીનીને લગાર પણ જોઇજ નથી. એ કોણ, યાદ છે? કયાંથી હોય એ નથી નવેલીકા જેવી નવલ, કે નથી સ્વરૂપા જેવી સૌંદર્યવતી એતો પ્રસાદના એક ખૂણામાં નૃપેક્ષથી તિરસ્કારાયેલી ભગવન્ પરાયણ પડેલી પવિત્ર ને શુદ્ધ હૃદયના કુમાર દેવકુમારની માતા ચંદ્ર દેવી છે કહો એને કયાંથી આવાં સુખાસનો, આવા વૈભવો ને આનન્દની લહરીઓ હોય? તે ભલીને તેની દાસી વલ્લરી ભલી ત્યાં નથી રાજ ખટપટ કે નથી યુક્તિ પ્રયુક્તિ છતાં ત્યાંપણ કંઇક જાણવા જેવું છે. ચાલો લક્ષ દઇએ.

" માતુશ્રી! કુમાર આવું નિર્લજ કૃત્ય કરે એમ સંભવે ખરૂં?"

વલ્લરીએ પૂછયું.

" વલ્લરી! હું નથી ધારતી કે કુમાર આવું કૃત્ય કરે છતાંય કદાચ એનાથી આમ અપકૃત્ય બન્યું તો તે પ્રથમ મારી સલાહ લેત. તેને પ્રત્યેક કામમાં મારી સલાહ લેવાની ટેવ છે." ચંદ્ર દેવીએ કહ્યું.

" જો આ કાર્યમાં એમનો હાથ ન હોતતો તેઓ એકાએક આમ આપણને મળ્યા વગર ચાલ્યા ન જાત." વલ્લરીએ કહ્યું.

" એ તો કદાચ ક્રોધના વેગમાં બની શકે એવું છે તેથી કુમાર કલંકિત છે એમ અનુમાન ન થાય."

" ત્યારે મહારાજાએ નજરો નજર જોયું એ શું ખોટી વાત."

દાસીએ પૂછયું.

દેવ, અસત્યવાદિ છે એમ મારાથી ન કહી શકાય પરંતુ તેઓશ્રીને જોવામાં કદાચ વ્યુત્ક્રમ થયો હોય એમ કહી શકાય."

ચંદ્રદેવીએ સંદિગ્ધતા બતાવી.

" તેમના મિત્ર પ્રિયકુમારે પોતાના સર્વસ્વનો ત્યાગ કરી કુમાર પાછળજ, શરીરાર્પણ કરવું એવું દઢ પણ લીધું છે એમ સંભળાય છે." વલ્લીરીએ કહ્યું.

" એમ બની શકે એવું છે. પ્રિય કુમાર એ મને કુમાર જેવોજ પ્રિય છે."

" ત્યારે માતુશ્રી એથી આપને કંઇ શોકનથી થતો કેમ?"

" શોક શા માટે? કુમાર કયાં અણ સમજુ છે. પ્રિયપતિએ જે કર્યું છે તે સત્ય આખર ઉજ્જવલ પ્રકાશ દેશે." રાણીમાતાએ નિરપેક્ષતા દર્શાવી.

" ત્યારે કુમારશ્રીએ રાજ્ય ત્યાગ કર્યો એમાં આપરાજીછો?"

" વાહ, વલ્લરીઆ તું શું બોલે છે. પુત્રના અશુભ-અમંગલમાં કંઇ માતા રાજી હોય! કર્મના પ્રયોગો વ્યકિત માત્ર થાય છે એ સમજણનું પરિણામ-હું છું તેથીજ તું મને આમ પ્રશ્ન કરે છે." રાણીએ ખુલાસો કર્યો.

" ત્યારે કુમારને આપના તરફથી કોઇ પણ જાતનો શુભાશીર્વાદ નહિ મળે?"

" માતાનાજ શુભાશીર્વાદથી પુત્ર સુખી રહે છે- આથી તારે બીજો કયો શુભાશીર્વાદ જોઇએ છીએ." રાણીએ કહ્યું.

" ત્યારે શું કુમાર દુઃખ ભોગવ્યાજ કરશે ?

" જ્યાં સુધી તેના કર્મનું પ્રાબલ્ય હશે ત્યાં સુધી આપણે તેને સુખ અપાવવા ગમે તેટલો પ્રયત્ન કરીશું તો ફલીભૂત નહિ થવાનાં" રાણીએ કહ્યું.

" પણ માતુશ્રી ! કહેછે કે નાનીમા–સ્વરૂપા–ના કારસ્તાનથી કુમારને આ અસહ્ય સંકટ આવી પડયું છે; તો હવે ત્યાં કયાં કુમારે કર્મ કર્યું હતું ? વલ્લરીએ પૂછ્યું.

" કર્મનો પ્રવાહ નિરન્તર અનાદિ છે. શુભાશુભ કર્મના સદૈવના સંઘટ્ટનથી મનુષ્યપર સુખદુઃખ આવે છે. કુમારના પૂર્વના કર્મના પ્રભાવથી સ્વરૂપાને કારસ્તાન સુઝયું હશે તો કોને ખબર છે. એમાં તેને શા માટે દોષ દેવો ?" રાણીએ ખુલાસો કર્યો.

" માતુશ્રી ! મહારાજા આવતા હોય ત્યારે આ સમ્બન્ધી કંઇ ખુલાસો પૂછતા હોતો કેવું સારૂં ?" વલ્લરીએ કહ્યું.

" શા માટે હું સંપૂર્ણ સમજું છુ. કુમારને રાજ્યાસન મળે તેના કરતાં એ ધર્માસન પ્રાપ્ત કરે એ હું વધારે વખાણુંછું ને તેથીજ તે રાજ્ય ત્યાગ કરે એ વધારે ઠીક ધારૂં છું. વલ્લરી ! ખાત્રી પૂર્વક સમજજે કે મારો પુત્ર કોઇ દહાડો કોઇનું અનિષ્ટ નહિ ઇચ્છે, તેમ નહિ કરે. આ સમજણ છતાં માસે છમાસે દર્શન દેનાર પ્રાણનાથને સંતાપવાથી શો ફાયદો ?" ચંદ્રદેવીએ કહ્યું.

" માતુશ્રી ! પણ તે દિવસે જયમાલા દેવી કેવું માથું કુટતાં હતાં તેની પણ દયા નથી આવતી ? "

" વલ્લરી ! ખરેખર તું બહુ નાદાન છે. શું દયાનો ધ્વજ લઈ ચકલે ચઢાવાતો હશે, કે શું દયાનો ઢોલ વગડાવાતો હશે ? શું કંઇ નિર્દય હઇશું ? તેનું કલ્યાણ થાય એ આપણા અંતઃકરણની વાંછના. બાકીનું તો તેના પતિવ્રત ધર્મનો તેને બદલો મળશે." રાણીએ કહ્યું.

" બા ! આમ સાવ સંસાર ત્યાગ ન કરાય ?" દાસીએ કહ્યું.

" બાપુ ! સંસાર ત્યાગ નથી પણ સત્ય કથન છે." રાણી માતાએ કહ્યું.

---

# ज्ञानसारजी महाराज सबंधी केटलीक हकीकत.

( લેખક –મુનિ બુદ્ધિસાગર. )

જ્ઞાનસારજી શ્રી જીનલાભ સૂરીના શિષ્ય હતા. જીનલાભ સૂરીએ આત્મ પ્રબોધ ગ્રંથ બનાવ્યો છે, તેમની પાસે નારણ ચંદ્રજીએ જયપુરના રાજાના પ્રધાન પુત્ર હતા તેમણે દિક્ષા અંગિકાર કરી હતી. પહેલાં તે વૈશ્નવ હતા અને વૈશ્નવ સંન્યાસી બની ગયા હતા. જીન લાભ સૂરીએ બોધ આપી તેમને જૈન સાધુ બનાવ્યા હતા. તેઓ ખરતર ગચ્છીય થયા. તેઓનાં ઘણાં ચોમાસાં કીસનગઢમાં થયાં હતાં. કિશનગઢના ઉપાસરામાં ભૂત રહેતું હતું અને તેથી ત્યાં કોઇ સાધુ ઉતરતા ન હોતા. ત્યાં આ પ્રતાપી મુનિ ગયા. શ્રાવકોએ ત્યાં ઉતરવાની નાપાડી પરંતુ તેઓ ત્યાં રાત્રે ઉપાશ્રયમાં રહ્યા અને ભુતનો ઉપદ્રવ સમાવ્યો. જ્ઞાન સારજીનો જન્મ સંવત્ ૧૮૦૧ની સાલમાં થયો. અને તેમનું સ્વર્ગગમન સંવત્ ૧૮૯૯ની સાલમાં થયું

તેઓ એક વખત ગોચરી જતા હતા અને પોતાના હાથે ગોચરી વહોરી લાવતા હતા. તેમને પાર્શ્વ યક્ષ પ્રત્યક્ષ હતો. તેમણે આનંદઘનજીની બહોતેરીનો ચાલીશ પદોનો ટબો પુર્યો છે અને તે પ્રત મોટી મારવાડમાં જયતારણ ગામમાં છે એમ મુનિશ્રી કૃપાચંદજી કહેતા હતા. જ્ઞાનસારજીના વખતમાં વિકાનેરમાં રત્નસિંહ રાજા રાજ્ય કરતા હતા. રત્ન સિંહ રાજાના દેશ ઉપર રાટલોકો જે નજીકમાં રહેતા હતા તે ધાડ પાડતા હતા. તે રાટ લોકોને વશ કરવા માટે રત્નસિંહ મહારાજાએ શ્રીજ્ઞાનસારજીને વિનંતી કરતાં તેમણે નવ પદની આરાધના કરવાનું કહ્યું. નવ પદના માંડવા સહિત હ્રીઁ કારનું ત્રીરેખાવાળું મંડળ કરાવ્યું અને તેને પૂજવાની વિધિ બતાવી. રાજાએ તે પ્રમાણે નવ પદની આરાધના કરી તેથી રાટ લોકો તરફથી શાંતિ થઇ. તેમણે વિકાનેરના રાજાને ઉપદેશ દેઇને દશરાના દિવસે જે પાડો મરતો હતો તે બંધ કરાવ્યો અને રાજાની પાસે શાંતિ સ્નાત્ર ભણાવ્યું અને તેમાં રાજા પોતે અભિષેક કરવા આવ્યા હતા. એક વખત વિકાનેરના રાજાને કોઇએ કહ્યું કે પાયચંદ ગચ્છના હાલ જે સૂરી છે તે જગત શેઠના ગુરૂ થાય છે અને તેમની પાસે લીલા-પાનાનો બાજઠ છે. રાજાને ઇચ્છા થઇ કે તે બાજઠ મારે જોઇએ તેથી તેમણે પાયચંદ ગચ્છના ગુરૂને બોલાવ્યા અને લીલા પાનાના બાજઠની માગણી કરી, પાયચંદ ગચ્છના સાધુએ કહ્યું કે મારી પાસે બાજઠ નથી રાજાએ એ વાત માની નહિ અને તેમને નજર કેદ રાખ્યા તેથી ત્યાં ગામમાં રહેનારા બીજા યતિઓ પણ આવ્યા અને રાજાને સમજાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ રાજાએ તેમનું કહ્યું માન્યું નહિ: આ વાતની એક યતિએ જ્ઞાન સારજીને ખબર આપી. તે વિકાનેરના મસાણમાં રહેતા હતા. રાજાની પાસે તેઓ ગયા. રાજા જ્ઞાન સારજીને આવતાં દેખીને સામો ગયો ને પગે પડયો અને કહ્યું કે આપ સાહેબનું રાજ દરબારમાં કેમ આવાગમન થયું છે તે વખતે જ્ઞાન સારજી નીચે પ્રમાણે બોલ્યા કે—

अब कारयो आकाश,<br>
कहो कारी किणविध लगे;<br>
प्रगट भिक्षारि पास,<br>
नरपति जाचे नारणां.

આવું જ્ઞાનસારજીનું બોલવું સાંભળીને રાજા શરમાઇ ગયા અને તરત પોતાની ભૂલ પોતાને જણાઇ અને પાયચંદ ગચ્છના ગુરૂને જવાની રજા આપી અને પોતાનો અપરાધ ખમાવ્યો. શ્રીમદ્ આનંદઘનજીની ચોવીસી ઉપર જ્ઞાનસારજીએટબો પુર્યો છે. તેઓ વૈરાગી ત્યાગી અને અધ્યાત્મ જ્ઞાતા હતા. ઘણા રાજાઓ તેમને માનતા હતા.

---

દુષ્કર્મના કરનાર બુદ્ધિમાન વત્ વાતો કરે;<br>
તોપણ કદી તે લોકનાં ઊંડા હૃદયમાં ના ઠરે.<br>
જન શુદ્ધ જો આચાર રાખી મૌનને ધારણ કરે;<br>
તોપણ સરાજન બોધ લેવા તીવ્ર આતુરતા ધરે;

# मोक्षनो घोरी राजमार्ग.

( લેખક. લાલભાઇ મગનલાલ શાહ. )

શ્રી જીનેશ્વર દેવને પ્રણામ કરીને ઉપર જણાવેલા વિષય ઉપર બે બોલ યથા શકતી લખીશ.

મત્તેભ કુંભ દલને ભુવિ સંતિ શુરાઃ
કેચિત્પ્રચંડ મૃગરાજ વધેઽપિ દક્ષાઃ
કિંતુ બ્રવિમિ બલીના પુરતઃપ્રસહ્યઃ
કંદર્પ દર્પ દલને વિરલા મનુષ્યાઃ

આ પૃથ્વી ઉપર મદોન્મત ગજેન્દ્રના કુંભસ્થળોને દલી નાંખવામાં શક્તીમાન તેમજ પ્રચંડ કેસરી સિંહનો વધ કરવામાં કુશળ એવા શુરવીરો ઘણા હોય છે, પરંતુ બળવાનો આગળ હું આગ્રહ પુર્વક કહુંછું કે કામદેવના દર્પનુ દલન કરવામાં કુશલ શકતીમાન એવા મનુષ્યો તો વીરલાજ હોય છે.

આ, અતી દુર્જય એવા કામ પાસમાં બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર જેવા દેવો પણ સપડાઇ તેના દાસ જેવા થઇ રહ્યા છે. પ્રતીવાસુદેવ, રાવણુ જેવો ત્રીખંડાધિપતી રમણાધિન થઇ પરસ્ત્રીમાં વિરકત થતાં રણમાં રગડોલાઇ નર્કગતી પામ્યો. નંદીષેણુ રથનેમી મુનિશ્વર અને આદ્રકુમાર જેવા મહામુનિઓ પણ સ્વભાન ભુલી દુષ્ટ મન્મથના પંજામાં સપડાયા સીવાય રહ્યા નહી. ગર્દભ વિદ્યાને પામેલો અને શુરવીર પુરૂષોથી અજય એવો ગર્દભીલ રાજા પણ એકસો આઠ બાણાવળી વડે કાલકા ચાર્યથી મરાયો, અને મહા પાપી કીચક પણ ભીમથી ચકડોળાયો. વળી અત્યંત કામી એવો સત્યકી વિદ્યાધર પણ સંભોગ સ્થિતિમાં હણાયો અને દુનિયામાં અતી નિંદનીય આકારે મીથ્યાત્વીઓએ પુજાયો. સિંહ ગુફા ઉપર રહી તીવ્ર તપસ્યા કરનાર મહામુની પણ દુર્જય કામથી ક્ષણુ માત્રમાં હણાયા. આવી રીતે કંદર્પને આધીન થઇ મોટા મોટા યોગીશ્વરો અને મહાપુરૂષો મહા અનર્થને પામ્યા. વિકાળ કામના પંજામાં સપડાયેલો કોઇ પણ પ્રાણી તેનાથી બચવા પામ્યો નહી. દુષ્ટ કંદર્પના દર્પનુ દલન કરવાને તો તેજ પુરૂષો સમર્થ થયા કે જેને શ્રી તીર્થંકર ભાષીત શુદ્ધ બ્રહ્મચર્યનો ત્રીકરણ શુદ્ધિએ અંગીકાર કર્યો છે. માટે હે શ્રેયને ઈચ્છવા વાળા અને મોક્ષાભિલાષી નર જો તારે કામના દુષ્ટ પંજામાંથી બચવું હોય અને મોક્ષનો ધોરી રાજમાર્ગ લેવો હોય તો શ્રી જીનેશ્વર ભગવંતે બતાવેલું શ્રી બ્રહ્મચર્ય મહાવ્રતનો અંગીકાર કર, દેવતા, મનુષ્ય અને તીર્યંચ સંબંધી વિષય ભોગોથી વીરમીને સહજ સંતોષ ધારી ધર્મધ્યાનમાં નિમગ્ન રહે. પંચ ઈન્દ્રીઓનો નિગ્રહ કર અને શીયળની નવવાડો યુક્ત તથા નીચે બતાવેલા આઠ પ્રકારે બ્રહ્મચર્યનું યથાવિધી સેવન કર.

બ્રહ્મચર્ય સદા રક્ષેદષ્ટધા લક્ષણું પૃથક ।
સ્મરણું કીર્તનં કેલિ પ્રેક્ષણું ગુહ્ય ભાષણમ ॥
સંકલ્પો ધ્યવસાયશ્ચ ક્રિયા નિવૃતિ રેવચ ।
એતન્મૈથુન મષ્ટાંગં પ્રવદન્તિ મનીષિણું ॥

આ પ્રમાણે આઠ અંગવાળા બ્રહ્મચર્યનું સદા પાલન કર, સ્ત્રી વિષયનું અથવા તત્સંબંધી વાર્તાનું સ્મરણુ, કથન, રહસ્ય વાતો, રાગ પૂર્વક અવલોકન, રહસ્ય ભાષણુ, સંકલ્પ, અધ્યવસાય, અને સંભોગ નિષ્પતી, એ પ્રમાણે આઠ પ્રકારે ગણાતાં મૈથુનનો સદા સર્વથા ત્યાગ કર. વળી બ્રહ્મચર્ય બે પ્રકારે પણ કહેલું છે, સર્વથી અને દેશથી, તેમાં મન વચન કાયાએ

સર્વ પ્રકારની પોતાની તથા પારકી સ્ત્રી સાથે સર્વથા સંભોગ કરવાનો ત્યાગ કરવો તે સર્વથી. બ્રહ્મચર્ય પાલવાને અશક્ત હોય તેને પોતાની સ્ત્રીવિના બીજી કોઈ પ્રકારની પર સ્ત્રી સાથે સંભોગ કરવાનો ત્યાગ એ દેશથી. એમાં પ્રથમ પ્રકારતો સર્વ વિરતી ચારીત્ર અંગીકાર કરનાર અને મોક્ષ માર્ગનુજ સાધન કરનારા સાધુ યતી નિર્ગ્રંથ અણુગારોનેજ સર્વદા સર્વથા આદરણીય છે. તેમને તો પ્રાણાંતે પણ બ્રહ્મચર્યથી ચલાયમાન થવું ઘટે નહી કારણ કે સ્ત્રી કેવળ કામવિકારનુ ઘર છે. ભલભલા સાધુ સ્ત્રી સંગતથી નિશાન ચુકી ગયા છે. દુનીયામાં ગહનમાં ગહન સ્ત્રી ચરિત્રજ છે. સ્ત્રીના ચીર પરિચયથી, તેના મોહ મય વચન વિલાસ યા હાવ ભાવથી લોભાઇ પ્રબળ કામથી પીડીત થઇ અંતે આપખુદ ચાલનાર સાધુ કુલબાલુકની પેરે માર્ગ ભ્રષ્ટ થઈને મહા વિડંબના પાત્ર થાય છે અને ક્ષણીક સુખને માટે અક્ષય સુખથી ચુકી જાય છે કારણ કે ચિત્રાદિમાં નિર્માણ કરેલી નારી પણ મનને ક્ષોભ પમાડે છે તો પછી સાક્ષાત જીવતી જયોત ( મહામાયા ) નારી સાથે સંસર્ગ વાર્તાદિક કરતાં કેમ રહી શકાય એ વિચારવા જેવું છે માટે આત્માર્થી સાધુજનોએ સ્ત્રીઓના પરિચયથી દુર રહેવુંજ હિતકારી છે અને એમ વર્તવાથીજ નવકોટી શુદ્ધ બ્રહ્મચર્યની રક્ષા થઇ શકે છે. જેવો મુષકને માજુંરી તરફથી ભય રાખવાની જરૂર છે તેમ બ્રહ્મચારી સાધુને પણ સ્ત્રી સમુદાય તરફથી ભય રાખવાની જરૂર છે. હવે બીજો પ્રકાર ગ્રહસ્થ વર્ગ માટે છે કારણ શીળ એજ પ્રાણીઓનો સાચો શણગાર છે. મોક્ષની સીધી સડક છે, શીળ સુગંધથી વાસીત ભવ્ય કમળો પ્રતિ સુગંધ લેવા વિવેકી ભમરા જાય છે. શીળ સુગંધી રહીત ફુટડાં પ્રાણીઓ આવલના ફુલ જેવા નકામા છે. ફાંકડાં થઇ ફરતાં તેઓ અપમાન પામે છે અને સુશીળ સજ્જનો રાજસભામાં પણ સન્માન પામે છે. દેવો પણ તેમને સાનિધ્ય કરે છે અને તેમને જંગલમાં પણ મંગળ થાય છે. વળી પ્રાણીયોને શીળ કુળનો ઉદય કરનારૂં, શરીરને ભુષણ રૂપ પવિત્રતા કરનારૂ વિપત્તિ અને ભયને હરનારૂ, દુર્ગતિ અને દુઃખનો નાશ કરનારૂં, દુર્ભાગ્યાદિ કંદનો દહન કરનારૂં, પ્રાર્થના કરેલ ચીંતામણી સરખુ, વ્યાઘ્ર સર્પ જળ અને અનળના ઉપસર્ગને શમન કરનારૂં અને સ્વર્ગ મોક્ષ આપનારૂં છે. વળી.

હરતિ કુલકલંકં લુંપતે પાપપંકં,
સુકૃત મુપચિનોતિ શ્લાધ્યતા માતનોતિ;
નમયતિ સુરવર્ગં હંતિ દુર્ગોપસર્ગં,
રચયતિ શુચિશીલં સ્વર્ગ મોક્ષૌ સલીલં.

નિર્મળ શીળ કુલની મલીનતાનો નાશ કરે છે. પાપ રૂપી કાદવનો લોપ કરે છે, પુણ્યની વૃદ્ધિ કરે છે, શ્લાધ્યતાનો વિસ્તાર કરે છે, દેવ સમુહને નમાવે છે. ભયંકર ઉપદ્રવોનો નાશ કરે છે અને સહજ માત્રમાં સ્વર્ગને મોક્ષ આપે છે.

તોય ત્યગ્નિ રપિ સ્રહજત્યહિ રપિ વ્યાઘ્રોપિસા રંગતિ,
વ્યાલો ધ્યશ્વતિ પર્વતો ધ્યુપલતિ ક્ષ્વેડોપિ પીયુ ષતિ;
વિઘ્નો ધ્યુત્સવતિ પ્રિય ત્યરિરપિ ક્રીડા તડાગત્યપાં,
નાથોપિ સ્વગૃહત્યટ વ્યપિ નૃણાં શીલ પ્રભાવા દ્ઘ્રુવં.

શીળના પ્રભાવથી મનુષ્યને અગ્ની જળરૂપ થાય છે, સર્પ માળા રૂપ થાય છે, વ્યાઘ્ર હરણ રૂપ થાય છે, દુષ્ટગજ અશ્વરૂપ થાય છે, પર્વત પાષાણ સદશ થાય છે, વિષ અમૃત સમાન થાય છે, વિઘ્ન ઉત્સવરૂપ થાય છે, સમુદ્ર ક્રિડા કરવાના સરોવર રૂપ થાય છે, અને અટવિ પોતાના ગૃહરૂપ થાય છે.

સર્વ વ્રતોમાં સર્વોપરી અને દેવોપણ જેને નમસ્કાર કરે છે એવા શીળવંત પુરૂષોમાં અગ્રગણ્ય, જે અગ્નીમાં પ્રવેશ કરવા છતાં દાઝયા નહીં, ખડગના અગ્રભાગને પામ્યા છતાં પણ છેદાયા નથી, કાળા સર્પના ઘરમાં રહ્યા છતાં ધ્વંશ પામ્યા નહી અને કાજળના ઘરમાં રહેતાં જેને ડાઘ માત્ર લાગ્યો નથી, સદા રાગવતી અને અનુસરનારી એવી વેશ્યાનો સંગ, ખટરસ ભોજન, સ્થળ, મનોહર શરીર નવયૌવનનો સમાગમ, અને ચોમાસાનો કામોત્પાદક કાળ આ પ્રમાણે સઘળુ વિરૂદ્ધ છતાં જે મહાપુરૂષે કામદેવ ઉપર જીત મેળવી; તે સ્ત્રીને પ્રબોધ પમાડવામાં કુશળ, એવા સ્થુળભદ્ર મુની મહારાજ કે જેનું ચોરાસી ચોવીશી સુધી અમર નામ છે તેમને નમસ્કાર થાઓ. અનેક પ્રકારના પ્રતીકુળ ઉપસર્ગને સહન કરી મેરૂનાપેરે અચલ રહેનાર અને શીળના પ્રભાવે શુળી પણ જેને સીંહાસન રૂપે થઇ છે એવા સુદર્શન શેઠ, સોલ સતીઓ, વિજયા શેઠને વિજયા શેઠાણી વીગેરે અનેક મહાપુરૂષો બ્રહ્મચર્યના પ્રભાવે સંસારનો પાર પામી મુક્તિ સન્મુખ થયા, તેમજ કલેશનો કરનાર લોકને હણનાર પણ સાવધ યોગથી વીરમ્યો એવો નારદ પણ તેનાજ વડે મોક્ષને પામ્યો. ભીષ્મ પીતામહ જેવા બલીષ્ટ પુરૂષ બ્રહ્મચર્યના પ્રભાવે રણાંગણમાં લાખો યોદ્ધાઓને હંફાવવા શક્તીમાન થયા.

---

# सुवर्ण रज.

## Golden Grain.

( લેખક. ઉદયચંદ લાલચંદ શાહ. અમદાવાદ. )

સારૂં કામ કરવાનો વિચાર થયો કે તે તરતજ કરી નાંખવું કારણકે **श्रेयांसि बहु विघ्नानि**–અર્થાત્ શ્રેયકારી કાર્યોમાં ઘણાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. જો તેના પરિણામ સંબંધી આપણે વિચાર કરવા લાગ્યા તો કદાચિત્ આપણા મનમાં ઉદ્‌ભવેલી શુભ વૃત્તિનો નાશ થવાનો સંભવ છે.

ધનવંતોની સ્તુતિ કરવી, મોટા મોટા મનુષ્યોની મુલાકાત લેવી અને ગપ્પાં મારવાં ઇત્યાદિક નિરર્થક વાતોમાં તમારા આયુષ્યનો કેટલો મોટો ભાગ વ્યતીત થાય છે તેનો વિચાર કરો !

સત્ય અવિનાશી છે. સત્ય શોધન કરી તેનો પ્રચાર કરવા માટે જેઓ પોતાનું આયુષ્ય વ્યતીત કરે છે તેમના જીવિતવ્યની સાર્થકયતા થાય છે.

યોગ્ય મનુષ્યની યોગ્ય સ્થાને નિમણુક કરવી એ રાજાનું કર્તવ્ય છે.

તમોને સારૂં લાગે તે કરો. તે કરવાનો માર્ગ છોડીને જે કામ તમારે કરવું જોઇએ છે તે હોંશથી–ઉલ્લાસથી કરતાં શીખો.

મેં દુષ્ટ મનુષ્યો પણ જોયા છે અને મૂર્ખ મનુષ્યો પણ જોયા છે. બન્નેને પોતાના કૃત કર્મનાં ફળો ભોગવવાં પડે છે; પરંતુ મૂર્ખ મનુષ્યને તે પ્રથમ ભોગવવાં પડે છે.

કોઇ કોટયાધીશ થયો તેથી તે સ્તુતિ કરવાને યોગ્ય થયો, એમ નથી; તેણે દ્રવ્ય શી રીતે ઉપાર્જન કર્યું, કિંવા તે તેનો વ્યય કેવી રીતે કરે છે તે જોવું જોઇએ છે.

અંતિમ ધ્યેય શું છે એનું ભાન ઘણા થોડા પુરૂષોને હોય છે. ઘણા ખરા લોકો અંધારામાંજ ફાંફાં મારે છે.

દરેકને સંતુષ્ટ રાખવા એ કંઇ આપણા હાથમાં નથી પરંતુ આપણું પોતાનું મન સંતુષ્ટ રાખવું એ વાત સુસાધ્ય છે.

જે ચિત્તની એકાગ્રતા સાધી શકતો નથી તેના હાથે કંઇ પણ સંગીન અથવા મોટું કાર્ય થવા પામતું નથી. ચિત્ત એક કાર્યમાંથી નિકળી અનેક કાર્યમાં પ્રવેશ કર્યો કે ત્યાંની શક્તિ ઓછી થઇ એમ સમજવું.

ખરા ધૈર્યવાન પુરૂષ શાંત હોય છે. જ્યાં ક્રોધ બહુ છે ત્યાં ઘણું કરીને ધૈર્ય ઉપલબ્ધ થતું નથી. શૂરવીર મનુષ્યની અંદર ઉદ્ધતપણું હોતું નથી; ગમે તેવો કઠિન પ્રસંગ પ્રાપ્ત થઇ આવે તોપણ તે શાંત અને આનંદી હોય છે. ક્રોધના આવેશમાં બીકણ મનુષ્ય કયારે કયારે એકાદ અક્ષમ્ય કૃત્ય કરી શકે છે; પરંતુ જો તેને ધૈર્ય કહેવામાં આવે તો તે પુરૂષોની અપેક્ષાએ સ્ત્રીયોમાંજ આ ગુણ ઉલબ્ધ થાય છે એમ કહેવું પડશે કારણકે તેનો ક્રોધ અનેક પ્રસંગમાં પ્રબળ હોય છે.

કુટુંબના પ્રેમ ઉપર બાંધેલી દેશની ઇમારત મજબુત હોય છે.

જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.

ઐશ્વર્યની પ્રાપ્તિ થાય ત્યારે ઉદ્ધત ન થઇ જતાં મૃદુતા રાખવી અને સંકટ આવે ત્યારે નિરાશ થવું નહીં.

જે ખરો શ્રેષ્ઠ પુરૂષ હોય છે તે બીજાઓમાં શ્રેષ્ઠપણાના બીજ રોપે છે.

ન્હાનાં ન્હાનાં કામો સારી રીતે એટલે મ્હોટાં મ્હોટાં કામો કરવાની પાત્રતા પમાય છે.

સંસારમાં કેટલીક વાતો નાશવંત હોય છે અને કેટલીક અવિનાશી હોય છે. નાશવંત વાતની પાછળ લાગવાથી ભરભરાટ થશે પરંતુ તેમ કરવું એ એક ગાંડાપણાનું કર્તવ્ય છે. અવિનાશી વાડીની પાછળ લાગવાથી કદાચિત્ ઐહિક ઐશ્વર્ય મળશે નહીં; પરંતુ તેમ કરવામાં ડહાપણ સમાયેલું છે.

મનુષ્યનો સ્વભાવ એ એક પ્રકારનો બગીચો છે અને તેને ખીલવવાનું કામ તેની તરફજ સોંપાયેલું છે.

હું કરીશ આ મંત્રમાં કંઇ અદ્દ્ભુત શક્તિ રહેલી છે.

યશસ્વી પુરૂષોનાં ગુણ સર્વે ગાય છે. પરંતુ શ્રેયકારી અને શ્રેષ્ઠ કાર્ય માટે ઉપલી રીતે ઝુંઝતાં જેઓ પડે છે તેની યોગ્યતા પણ કંઇ ઓછી હોતી નથી.

ઉદ્યોગ કર્યા વિના દ્રવ્ય મળતું નથી અને એક ચિત્તે અભ્યાસ કર્યા વિના વિદ્યા પ્રાપ્ત થતી નથી.

કલત્ર એટલે ગૃહસ્થના આયુષ્યમાંનું ઘણું ખરૂં સુખ દુઃખનું ઉદ્દમ-ઉગમસ્થાન.

જો આચરણ વિચારનું પ્રતિબિંબ જણાઇ આવે નહીં તો તેનો કંઇ પણ ઉપયોગ નથી.

ઉતાવળ કરી એટલે ભૂલ થયા વિના રહેતી નથી.

પ્રવાસે નિકળતી વખતે સાથે ડહાપણ લેવું એ કંઇ ભારભૂત થતું નથી.

શરીર શોભાવવાને માટે આરોગ્ય અને સભ્યપણા સિવાય બીજાં સાધનો નથી.

સુખી થવું હોય તો આગળ ઉદ્યમ કરવો જોઇએ.

સ્વાર્થનો નાશ કરી તે સ્થળે પ્રેમની સ્થાપના કરવી એ કામ લગ્નનું છે. લગ્ન થયું એટલે આત્મ ત્યાગનો આરંભ થાય છે.

# श्री रत्न तिलक प्रासाद कावीतीर्थ.

( અનુવાદ કર્તા. મણિલાલ-મોહનલાલ વકીલ. પાદરા. )

શ્રી સ્તંભતીર્થ ( ખંભાત ) નગરથી લગભગ અગીયાર કોશ પર આવેલ આ પૂણ્ય તીર્થ પુરાણું છતાં હાલમાં પણ તેવાજ ચમત્કૃતિ ભર્યા ખેંચાણને રાખી રહ્યું છે. તેની વિગતવાર હકીકત નીચે મુજબ છે.

પૂર્વે ગુજરાતની અંદર આવેલા વડનગર નામના શહેરમાં દેપાલગાંધી નામના જીવદયા પ્રતિપાળ જૈનધર્મી શ્રાવક વસતા હતા. તેઓ જ્ઞાતીએ નાગર વણિક હતા. ભદ્રસિઆણા ગોત્ર ને લઘુ શાખાને તેઓશ્રી શોભાવતા હતા. પોતાના સકળ કુટુંબ પરિવાર સમેત તેઓ શ્રી એકદા ખંભાત નગરે આવી વસ્યા ને ત્યાંજ વેપાર વણજ કરવા લાગ્યા.

સારી નિષ્ઠાથી વ્યાપાર કરતાં કરતાં તેઓએ કરોડો રૂપીઆ ઉપાર્જન કર્યા. તેમના દિકરા અલુઆગાંધીનો દિકરો લાડકો ગાંધી હતો. તેની ધર્મ પત્નીની કુખેથી તેને બાહુઓ ને ગંગાધર નામના બે સુપુત્રો ઉત્પન્ન થયા. તેઓ જૈનધર્મમાં બહુજ પ્રીતિવાળા હતા.

તે પૈકી બાહુઆ ગાંધીને બે સ્ત્રીઓ હતી. તેમાં હેલી (પટી) મુખ્ય ગૃહીણી હતાં. તે ઘણાંજ પુણ્યશાળી તથા ધર્મ-દાન પર ઘણીજ પ્રીતિ વાળાં હતાં. તેમની કુક્ષીએ તેમને ત્રણ સુપુત્ર થયા. તેઓનાં નામ કુંવરજી-ધર્મદાસ ને સુત્રિર ગાંધી હતાં. તે માંહેલા કુંવરજી ગાંધીને વિરાંબાઇ નામે ગુણશાળી ને ધીરજવાન ગૃહીણી હતાં. આમ અતિશય ગુણવાળું, ધાર્મીક કુટુંબ વિરાંબાઇ જેવી સાક્ષાત લક્ષમીને દ્રવ્ય અપેક્ષાએ પણ અપાર લક્ષ્મિ પામીને પોસહ, પ્રતિક્રમણ-દેવગુરૂ પૂજન આદિ અનેક ધર્મ ક્રીયાઓમાં મશગુલ રહેવા લાગ્યું.

વખત આમ પસાર થતો હતો તેવામાં તે પુણ્યશાળી કુટુંબને એક ઉત્તમ મનોરથ થયો. તેઓ બધાં ફરતાં ફરતાં શ્રી કાવીનગર કે જે તે વખતે ઘણુંજ અનુપમ હતું ત્યાં આવ્યાં, તેમના ધ્યાનમાં આ ઉત્તમ જગ્યામાં એક મનોહર જૈનમંદિર બનાવવાનો અભિલાષ થયો અને ખરેખર ! લક્ષ્મિવાનોને શું અસાધ્ય છે ? ને લક્ષ્મિનું સાર્થકપણું શું છે ?

તે સમયે તપગચ્છ નાયક શ્રી સેનસુરિશ્વર ઘણા મોટા પરિવાર સહિત ત્યાં આવી પહોંચ્યા અને ખરેખર શુભ મનોરથને સહાયકારી એવા ઉત્તમ સાધનો સ્વાભાવિક રીતેજ આવી મળે છે. સુરિશ્વરજીએ સંવત્ ૧૬૪૯માં શ્રી સંપ્રાત નૃપની ભરાવેલી મંગળકારી શ્રી રૂષભદેવ ભગવાનની મુર્તિને તે અનુપમ પ્રાસાદમાં સ્થાપીત કરી. આ રીતે પુણ્યશાળી શ્રાવીકા હિરાંબાઇએ આ ઉત્તમ પ્રાસાદ બંધાવ્યો.

એક પ્રસંગે હિરાંબાઇ સાસુ પોતાની વિરાંબાઇ વહુજીને લઇને ઉત્તમ પ્રસાદની યાત્રા અર્થે ત્યાં આવ્યાં. ધ્વારમાં પેસતાંજ ઉંચી વહુને તે બારણું ઘણુંજ નીચુ લાગ્યું ને તેથી તેમણે પોતાનું માથુ ખીજ થઈ ધુણાવ્યું, આ જોઇ ચતુર સાસુજીએ વહુજીને પૂછ્યું કે હે ! પુણ્યવાન વહુજી આવા ઉત્તમ કારીગિરીવાળા મનોહર મંદિરને જોઇ તમે માથું કેમ ધુણાવ્યું ?

આ સાંભળી સુલક્ષણિ વહુજી બોલ્યાં કે હે પૂજ્ય સાસુજી ! આપે બેશક આ પ્રાસાદ બહુજ ઉત્તમ ને મહા મુલ્યવાન બનાવરાવ્યો તેમજ તેના શિખરની બહુ મુલ્યતા અનુપમ છે

પણ આ મંદિરનું બારણું નીચું કરાવી આ મંદિરની સુંદરતામાં ખામી આણી છે તેથી મ્હેં માથુ ધુણાવ્યું.

આ સાંભળી સાસુને ઘણીજ રીસ ચઢી ને તેમણે પણ વહુને એકદમ મહેણું માર્યું કે હે ! સુલક્ષણાં વહુજી ત્હમને જો હોંશ હોય તો આપણા પીયેર ( પિતૃગૃહ ) થી દ્રવ્ય મંગાવી બીજું મંદિર કાં બંધાવતાં નથી વારૂ ?

તે વખતની વહુઓ કંઇ આજના જેવી નહતી. સાસુના શબ્દો તેના હૃદયમાં સોંસરા ઉતરી ગયા ને મનમાં વિચાર કર્યો કે ઠીક છે સાસુજી ! જો હુ તમારી વહુજ હોઇશ તો તમારૂં વચન તથાસ્તુ હો ! આમ વિચારી એકદમ પોતાના પીયેરથી અસંખ્ય દ્રવ્ય મંગાવ્યું ને બીજાજ વર્ષમાં એટલે સંવત ૧૬૫૦ માં બિજુ પોતાની સાસુનાથી પણ વધુ સુંદર મંદિરનું ખાત મુહૂર્ત કરાવ્યુ અને પાંચ વર્ષમાં તો દેવ વિમાન સરખું બાવન જીનાલય તૈયાર કરાવી દીધું તે તેનું નામ " શ્રી રત્ન તિલક પ્રાસાદ " રાખ્યું.

પુણ્યની રાસીઓને શું અશક્ય છે ? આ સમયે પણ ફરતા ફરતા શ્રી સેનસુરીશ્વર ને કે જેઓએ હિરાંબાઇ ને સાસુજીના મંદિરની પ્રતિષ્ટા કરાવી હતી તેજ પધાર્યા ને સંવત ૧૯૫૫ માં શ્રી ધર્મનાથ પ્રભુની મુર્તિની પ્રતિષ્ટા કરીને અંજન શલાકા કરાવી.

આ રીતે દેવ વિમાન જેવો શોભિતો તે પ્રાસાદ કરાવી વહુ વિરાંબાઇ બહુજ સંતોષને પામ્યાં. આ રીતે બેઉ શિખરબંધી દેવ મંદિર સામાસામી કોઇ દિવ્ય વિમાન આવી રહ્યાં હોય તેમ શોભી રહ્યાં.

ખરેખર ! વાદ કરોતો આવાજ કરવા યોગ્ય છે કે જેથી ધર્મની વૃદ્ધિ થઇ શકે. પરમાર્થ ધર્મ–ધન–ને દયાનાં કાર્યોમાં વાદ કર્યો હોય તો તે ખરો વાદ કર્યો ગણાય અને બીજા તો વિખવાદજ કહી શકાય.

આ મંદીરોની વાર્તા સમસ્ત વિશ્વમાં વાયુ વેગે ચાલી રહીને સાસુવહુની જોડીની માફકજ સાસુવહુનાં આ દેહરાં બહુ વિખ્યાતિને પામ્યાં.

હવે અહિઆં દેશ દેશાવરોના ઘણાજ સંઘપતિઓએ કાઢેલા સંઘો યાત્રાર્થે આવવા લાગ્યા, અને મંગળમાળા વર્તવા લાગી.

આ મંદિરોની સંભાળ હાલમાં શ્રી જંબુસરનો સંઘ રાખે છે, જે તીર્થો હજુ પણ તે વખતની જાહોઝલાલીની સાક્ષી પુરે છે તથા સાસુવહુના ધર્મ વૃદ્ધિ કરનાર વાદને યાદ કરાવતા પોતાની સુંદરતામાં સજ થઇ ઉભેલા છે. જ્યાં અનેક યાત્રાળુઓ પ્રતિવર્ષ યાત્રા કરી લાભ લે છે.

ખરેખર આ તીર્થયાત્રા કરવા લાયક છે. કારીગરીનો અપૂર્વ નમુનો સાક્ષાત્કાર થયાવિના રહેતો નથી. આ મંદિરની યાત્રા કરવા જવા સારૂ સર્વે ભાઇઓને ભલામણ કરવામાં આવે છે. શ્રી કાવિતીર્થની યાત્રા કરવા શ્રી ખંભાત બંદર થઇને જવાય છે તેમજ શ્રી પાદરા થઇ ને પણ જવાય છે. મંદિર દરિયા કીનારે આવ્યું છે ને ત્યાં જવાના રસ્તા સારા છે.

શ્રી દિપવિજય કવિરાજે આ શ્રી રૂષભદેવ તથા ધર્મનાથજી મહારાજ જેની સ્તવના ની ઢાલ સંવત ૧૮૮૬ માં બનાવી જે ભવિજનના કલ્યાણને અર્થે હો.